सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૮ | ૦૭ | ૨૦૨૧ |
| નિકાલ તારીખ | : | ૦૫ | ૧૨ | ૨૦૨૪ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| કુલ | : | | | |

**ગાંધીનગરના મહે. મુખ્ય સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ.ગાંધીનગર.**
**<u>સેશન્સ કેસ નંબર-૯૩/૨૦૨૧</u>**
**<u>આંક- ૯૨</u>**

=====================================================

<u>ફરિયાદી</u> : ધી સ્ટેટ ઓફ ગુજરાત
(શ્રી સત, એચ.કે.શ્રીમાળી
પોલીસ સબ ઈન્સ્પેકટર,
નોકરી : માણસા પોલીસ સ્ટેશન, જિ.ગાંધીનગર.)

<u>વિરૂધ્ધ</u>

<u>આરોપી</u> : ૧. સંતોષકુમાર ઉર્ફે સંજય ઉર્ફે જયભોલે સ/ઓ કચરાભાઈ
મુળજીભાઈ રાવળ, ઉ.વ. ૪૦,
હાલ રહે. સરગાસણ, સહજાનંદ સ્ટેટસ ફલેટ,
બ્લોક નં. એ/૩૦૨, ગાંધીનગર.
મુળ રહેવાસી : ખડાત ગામ, પંચાલપુરા,
તા.માણસા, જિ.ગાંધીનગર.

PRINCIPAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR सत्यमेव जयते

૨. વૈશાલીબેન ડો/ઓ રઘજીભાઈ દેવજીભાઈ પટેલ(ચૌધરી)
ઉ.વ. ૩૭, હાલ રહે. સરગાસણ, પ્રમુખનગર, ઈ–૩૦૪,
સરગાસણ ચોકડી પાસે, ગાંધીનગર.
રહે. મોટા કોટડા, પટેલ ફળીયુ,
તા.ઈડર, જી.સાબરકાંઠા.

| | | |
|---|---|---|
| **તહોમત** | **:** | **ભારતીય દંડ સંહિતાની કલમ–૪૮૯(ક)(ખ)(ગ)(ઘ) ની સાથે વાંચતા ૧૧૪ મુજબ....** |
| | | ગાંધીનગર માણસા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર– 1121600 9210312 / 2021 |

| | | |
|---|---|---|
| ફરિયાદ પક્ષ તરફે | : | વિ.એ.પી.પી.શ્રી જે.એચ.જોષી |
| આરોપીઓ તરફે | : | વિ.વ.શ્રી એ.બી.રાઓલ |

PRINCIPAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR
सत्यमेव जयते

**–: હ રા વ :–**

**૧)** આ કામના આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૮૯(ક) (ખ) (ગ) (ઘ) ની સાથે વાંચતા ૧૧૪ મુજબના ગુના માટેનુ ચાર્જશીટ આંક–૧ થી રજુ કરવામાં આવેલ છે.

**૨)** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે,

ફરિયાદી એચ.કે.શ્રીમાળી, પોલીસ સબ ઈન્સ્પેકટર, નોકરી : માણસા પોલીસ સ ટેશન, જિ.ગાંધીનગર નાઓએ ગઈ તા.૩૦/૫/૨૦૨૧ ના રોજ માણસા પોલીસ સ્ટેશનના પી.આઈ. શ્રી જતીન પ્રજાપતિનાઓ રૂબરૂ ફરીયાદ આપી જણાવેલ કે,તા.૩૦/૫/'૨૧ ના રોજ પી.આઈ. જતીન પ્રજાપતિ નાઓની

સાથે તેઓ તથા એ.એસ.આઈ. મુકેશસિંહ અણદુસિંહ બકલ .૧૦૫૬, એ.એસ. આઈ. દિનેશકુમર મહાદેવભાઈ બકલ નં. ૮૯૪, આ.પો.કો. નરેશકુમાર હરીભાઈ બકલ નં. ૨૪૯, અ.પો.કો.મહેન્દ્રસિંહ દલપુજી બકલ નં. ૧૧૧૦, આ.પો.કો. બળવંતસિંહ મફતસિંહ બકલ નં. ૧૧૧૪, આ.પો.કો.કેતનકુમાર પ્રતાપભાઈ બકલ નં.૧૭૨૦, આ.પો.કો. દિનેશભાઈ મુળજીભાઈ બકલ નં.૯૯૧, અ.પો.કો. ચેતનસિંહ નટુજી બકલ નં.૨૬૪, વુ.લો.ર. ભાવનાબેન કાળાભાઈ બકલ નં.૨૨૯૫ એ રીતેના માણસો માણસા પોલીસ સ્ટેશન વિસ્તારના ગ્રામ ભારતી ચોકડી ખાતે કલાક ૧૫:૦૦ થી કલાક ૨૦:૦૦ સુધી વાહન ચેકીંગમાં હતા અને વાહન ચેકીંગ કરતા હતા તે દરમ્યાન કલાક ૧૮:૪૫ વાગે ગાંધીનગર તરફથી એક મોટરસાયકલ ચાલક આવતા તેને ઉભો રાખસ તેનુ નામ ઠામ પુછતાં તે પોતે પોતાનુ નામ સંતોષકુમાર કચરાભાઈ રાવળ ઉ.વ.૪૦ રહે. હાલ સરગાસણ, સહજાનંદ સ્ટેટસ ફલેટ, બ્લોક નં. એ/૩૦૨, ગાંધીનગર. મુળ રહે. ખડાત ગામ, પંચાલપુરા, તા.માણસા, જી.ગાંધીનગરવાળો હોવાનુ જણાવેલ અને સદર ઈસમના ખભાના ભાગે એક લેધરનો થેલો ભરાવેલ હોય જે થેલો ચેક કરી થેલામાં જોતાં તેમાં રૂા.૨૦૦૦/– તથા રૂા.૫૦૦/– તથા રૂા.૧૦૦/– ના દરની ચલણી નોટોના બંડલ મુકેલા જણાયેલ. જે તમામ ચલણી નોટો બહાર કાઢી જોતાં કડક નવીન (કોરી) જણાયેલ અને તે નોટોની ઝીણવટપુર્વક તપાસ કરી જોતાં પ્રથમ દૃષ્ટિએ ખોટી (ડુપ્લીકેટ) બનાવટી જણાયેલ. તે બાબતે સદર ઈસમને પુછતાં કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી. જેથી નજીકમાંથી બે પંચોના માણસો બોલાવી તેઓને હકિકતથી વાકેફ કરી પંચો રૂબરૂ જોતાં રૂા.૨૦૦૦/–તથા રૂા.૫૦૦/–તથા રૂા.૧૦૦/– ના દરની ચલણી નોટોના બંડલ એક જ નંબરના સરખા બંડલ જુદા જુદા જણાઈ આવેલ અને સદર ઈસમ

પાસેનુ મોટરસાયકલ જોતાં હોન્ડા શાઈન કંપનીનુ કાળા કલરનુ છે. જેની આગળ પાછળ નંબર પ્લેટ ઉપર રજીસ્ટર નંબર જોતા GJ 01 UN 3787 નો છે. જેનો એન્જીન નં.JC65E72427513 છે તથા ચેચીસ નંબર જોતા -ME4JC65DMJ70 02917 નો છે. જેની કિંમત રૂા.૧૫,૦૦૦/– ની ગણાય અને સદર પકડેલ ભારતીય બનાવટી ચલણી નોટોને એફ.એસ.એલ. અધિકારીશ્રી તેમજ બેંક મેનેજર પાસે પરીક્ષણ કરાવવાનુ હોય સદરી ઈસમ તથા પકડેલ નકલી ચલણી નોટો તથા મોટર સાયકલ તથા પંચોના માણસો સાથે સરકારી તેમજ ખાનગી વાહનમાં બેસી ગ્રામ ભારતી ચોકડી થી માણસા પોલીસ સ્ટેશન લઈ આવેલ અને પોલીસ સ્ટેશન આવી પકડેલ ભારતીય બનાવટની ચલણી નોટોની ખરાઈ કરવા સારૂ એફ.એસ.એલ. અધિકારીશ્રી તથા એસ.બી.આઈ. બેંક મેનેજર માણસા શાખાના બેંક મેનેજરને બોલાવવા તજવીજ કરવામાં આવી તેમજ પકડેલ ઈસમની અંગ ઝડતી કરતા તેના પેન્ટના ખિસ્સામાંથી એક પાકીટ મળી આવેલ. જે પાકીટમાં રૂા.૨૦૦/– ના દરની અસલ ભારીતય ચલણી નોટ નંગ–૧ મળી આવેલ. તેમજ ઉપરોકત ઈસમના આધારકાર્ડની નકલ તથા પાનકાર્ડની નકલ તથા ચુંટણીકાર્ડની નકલ મળી આવેલ. જે ત્રણેયની કિંમત રૂા.૦૦/– ગણાય. તેમજ પેન્ટના બીજા ખિસ્સામાંથી એક વીવો કંપનીનો કાળા કલરનો એન્ડ્રોઈ મોબાઈલ ફનો મળી આવેલ. જેનો મોડલ નં.૧૯૩૮ નો છે.IMEI No. 8676630 46953573 તથા બીજો IMEI No. 867663046953565 નો છે. જેની કિંમત રૂા. ૩૦૦૦/– ની ગણાય તથા બનાવટી નોટો ભરેલ માળી આવેલ લેધરના થેલાની કિંમત રૂા.૫૦/– ની ગણાય અને સદર ઈસમ પાસેથી મળી આવેલ જુદા જુદા દરની તમામ ચલણી નોટો વ્યવસ્થિત રીતે ભુકવામાં આવી અને તે બનાવટી

ચલણી નોટો પૈકી રૂ.૨૦૦૦/– ના દરની ચલણી નોટો પંચો રૂબરૂ ગણી જોતાં નીચે મુજબની વિગતે છે.

૧. 5CS 253014 ની નોટ નંગ–૨૮૬ જે કુલ રૂ.૫,૭૨,૦૦૦/–

૨. 4AE 637710 ની નોટ નંગ–૨૭૬ જે કુલ રૂ.૫,૫૨,૦૦૦/–

૩. 7EA 847705 ની નોટ નંગ–૨૮૭ જે કુલ રૂ.૫,૭૪,૦૦૦/–

૪. 6EP 752959 ની નોટ નંગ–૨૮૩ જે કુલ રૂ.૫,૬૬,૦૦૦/–

૫. 8FG 055799 ની નોટ નંગ–૦૫ જે કુલ રૂ.૧૦,૦૦૦/–

કુલ નોટ નંગ– ૧૧૩૭ કુલ કિંમત રૂ.૨૨,૭૪,૦૦૦/–

તથા રૂ.૫૦૦/–ના દરની ચલણી નોટો પંચો રૂબરૂ ગણી જોતા નીચે વિગતે છે.

૧. ODU 193890 ની નોટ નંગ–૧૪૮ જે કુલ રૂ.૭૪,૦૦૦/–

૨. 1DB 932636 ની નોટ નંગ–૧૫૩ જે કુલ રૂ.૭૬,૫૦૦/–

૩. 1DB 932637 ની નોટ નંગ–૨૪૩ જે કુલ રૂ.૧,૨૧,૫૦૦/–

૪. 4BW 932304 ની નોટ નંગ–૧૦૩ જે કુલ રૂ.૫૧,૫૦૦/–

૫. 7QA 078023 ની નોટ નંગ–૧૩૩ જે કુલ રૂ.૬૬,૫૦૦/–

૬. 3EH 502349 ની નોટ નંગ–૧૫૭ જે કુલ રૂ.૭૮,૫૦૦/–

૭. 3EH 502347 ની નોટ નંગ–૪૪ જે કુલ રૂ.૨૨,૦૦૦/–

૮. 3EH 502348 ની નોટ નંગ–૭૧ જે કુલ રૂ.૩૫,૫૦૦/–

૯. 8TT 706244 ની નોટ નંગ–૭૩ જે કુલ રૂ.૩૬,૫૦૦/–

૧૦. 8SS 539733 ની નોટ નંગ–૭૯ જે કુલ રૂ.૩૯,૫૦૦/–

કુલ નોટ નંગ–૧૨૦૪ કુલ રૂ.૬,૦૨,૦૦૦/–

તથા રૂ.૧૦૦/–ના દરની ચલણી નોટો પંચો રૂબરૂ ગણી જોતા નીચે વિગતે છે.

૧. 2FH 933389 ની નોટ નંગ–૨૮૭ જે કુલ રૂ.૨૮,૭૦૦/–

૨. 2FH 933392 ની નોટ નંગ–૩૧૨ જે કુલ રૂા.૩૧,૨૦૦/–

૩. 2FH 933393 ની નોટ નંગ–૩૪૮ જે કુલ રૂા.૩૪,૮૦૦/–

૪. 2FH 933398 ની નોટ નંગ–૨૯૩ જે કુલ રૂા.૨૯,૩૦૦/–

કુલ નોટ નંગ–૧૨૪૦ કુલ રૂા.૧,૨૪,૦૦૦/–

જે પકડાયેલ તમામ બનાવટી ચલણી નોટો કુલ નંગ– ૩૫૮૧ જેની કુલ કિંમત રૂા.૩૦,૦૦,૦૦૦/– (ત્રીસ લાખ) જેટલી થાય અને તે દરમ્યાન કલાક ૨૦:૪૦ વાગે એફ.એસ.એલ. અધિકારીશ્રી સરકારી વાહન સાથે પોલીસ સ્ટેશન પધારતા તેઓએ પોલીસ સ્ટેશન આવી પોતાની ઓળખ એસ.બી.ચાવડા સાયન્ટીફીક ઓફીસર ગાંધીનગરની આપતાં એફ.એસ.એલ. અધિકારીને પી.આઈ.શ્રીએ બનાવની વિગતથી વાકેફ કરી મળેલ બનાવટી ભારતીય ચલણી નોટોની ખરાઈ કરવા એફ.એસ.એલ. અધિકારીશ્રી તતા બેંક મેનેજરશ્રીને જણાવતા તેઓએ ઉપરોકત તમામ બનાવટી ભારતીય ચલણી નોટોની બારીકાઈ થી ચકાસણી કરી જોતાં એક જ સીરીજની અનેક નોટ જણાયેલ તથા તમામ બનાવટી ચલણી નોટોની સાઈઝ અસલ નોટોની સાઈઝથી નાની છે તથા તમામ ચલણી નોટની પેપર કવોલીટી ઓછી ગુણવતાની જણાય છે. તેમજ ઈન્ટીગ્લો પ્રિન્ટની હાજરી જણાતી નથી તથા બનાવટી નોટો ઉપર સાઈડના ખુણા ઉપર ભીનું કપડું ઘસી જોતા કલર જાય છે. તેમજ સીકયુરીટી થ્રેડની માત્ર પ્રિન્ટ દેખાય છે. પરંતુ વેરીયેબલ ઈન્કની હાજરી જોવા મળતી નથી. જે તમામ બનાવટી ચલણી નોટોને બારીકાઈથી જોતાં તમામ ભારતીય બનાવટી ચલણી નોટો ખોટી (ડુપ્લીકેટ) હોવાનુ જણાઈ આવતાં એફ.એસ.એલ. અધિકારીશ્રીએ પ્રાથમિક તપાસનો પરીક્ષણ અહેવાલ આપેલ અને એસ.બી. આઈ. બેંક મેનેજરશ્રી માણસા નાઓએ ખરાઈ કરી તમામ નોટો ખોટી (ડુપ્લીકેટ)

હોવાની તપાસણી અંગેનુ પ્રમાણપત્ર આપેલ છે. જેથી પકડેલ ઈસમ પાસેથી મળી આવેલ રૂા.૨૦૦૦/–, રૂા.૫૦૦/– તથા રૂા.૧૦૦/– ના દરની તમામ નોટો બનાવટી જણાયેલ હોય જે તમામ નોટોની કિંમત રૂા.૦૦/– ની ગણી ત્રણ પારદર્શક પ્લાસ્ટીકના બોકસમાં અલગ અલગ દરની બનાવટી નોટો મુકી પંચો તથા પી.આઈ.શ્રી માણસાની સહી વાળી કાપલીઓ મુકી ત્રણેય બોકસને દોરા વડે બાંધી બોકસ ઉપર પો.સ.ઈ.શ્રી માણસા પોલીસ સ્ટેશનના માર્કાનુ લાખથી પાકુ સીલ કરી કિમત રૂા.૦૦/– ની ગણી તપાસ અર્થે કબજે કરેલ છે. તેમજ પકડેલ ઈસમની અંગજડતીમાંથી મળી આવેલ રોકડ રૂા.૨૦૦/– તથા આધાર કાર્ડ, પાનકાડ તથા ચુંટણી કાર્ડની નકલ તથા મોબાઈલ ફોન કિંમત રૂા.૩,૦૦૦/– તથા બનાવટી નોટો ભરેલ મળી આવેલ લેધરનો થેલો રૂા.૫૦/– તથા મોટર સાયકલની કિંમત રૂા.૧૫,૦૦૦/– ની ગણી તપાસ અર્થે કબજે કરેલ છે અને પકડેલ ઈસમને તેની પાસેથી મળી આવેલ બનાવટી નોટો બાબતે પુછતાં પોતે પોતાના સરગાસણ ગાંધીનગર ખાતે પોતાના મકાનમાં ઈલેકટ્રોનિક સાધન સામગ્રી રાખી બનાવટી આ બનાવટી ભારતીય ચલણી નોટો ખરા તરીકે ઉપરોકત કરવા સારૂ વિજાપુર ખાતે લઈ જતાં હોવાની હકિકત પંચો રૂબરૂ જણાવેલ હોય જે બાબતનુ પંચો રૂબરૂ વિગતવારનુ પંચનામુ તા.૨૯/૫/૨૦૨૧ ના રોજ કલાક ૧૯:૦૦ થી તા.૩૦/૫/૨૦૨૧ ના કલાક ૦૦:૩૦ સુધી પી.આઈ.શ્રી માણસા પોલીસ સ્ટેશનનાઓએ કરેલ. જેથી ઉપરોકત આરોપી સંતોષકુમાર કચરાભાઈ રાવળ નાઓએ બનાવટી ભારતીય ચલણી નોટો રૂા.૨૦૦૦/–, ૫૦૦/– તથા ૧૦૦/– ના દરની કુલ નોટો નંગ– ૩૫૮૧ ની ડુપ્લીકેટ ખોટી નોટો પોતાના કબજામાં રાખી તેમજ પોતાના ઘરે ઈલેકટ્રોનિક સાધન સામગ્રી રાખી જેમાં ખોટી ચલણી નોટો બનાવી તેનો ખરા

તરીકે ઉપયોગ કરવાના ઈરાદે પોતાના મોટરસાયકલ ઉપર થેલામાં રાખી લઈ જતાં પોલીસ વાહન ચેકીંગ દરમ્યાન પકડાઈ ગયેલ હોય ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૮૯(ક)(ખ)(ગ)(૩) મુજબની કાયદેસરની ફરીયાદ આપેલ હોય આ મતલબની ફરીયાદના આધારે ગુનો નોંધ્યા બાદ માણસા પોલીસે ઉપરોકત નંબરથી ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ પી.આઈ. જતીન પ્રજાપતિ કરી રહેલ હતા અને તેઓ ધ્વારા ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવામાં આવેલ અને લાગતા વળગતાં સાહેદોના નિવેદનો લેવામાં આવેલ. તપાસ દરમ્યાન આ કામના આરોપીઓ વિરુધ્ધ ઉપરોકત ગુના સબંધે પુરતો પુરાવો હોઈ, માણસાના વિ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં ઉપરોકત ગુનાઓ બાબતનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલુ છે.

૩) સદરહુ કામે આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કરી તેમજ આરોપીઓને બચાવ માટે સરકારી વકિલની જરૂર છે ? તેવી ખાતરી કરતા આરોપીઓએ પોતાના ખર્ચે વકિલ રોકેલા હોવાનુ જણાવેલ. ત્યારબાદ સદરહુ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફકત સેશન્સ અદાલતને હોઈ માણસાના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ સદરહુ કેસ ક્રિમી.પ્રો. કોડ કલમ–૨૦૯ હેઠળ મહે.સેશન્સ જજ સાહેબશ્રીને કમિટ કરેલ. જે ગાંધીનગરના મુખ્ય સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં સેશન્સ કેસ નંબર– ૯૩/૨૦૨૧ થી નોંધાયેલ. ત્યારબાદ અત્રેની સત્ર અદાલત સમક્ષ ચાલવા ઉપર આવેલ છે, આરોપી નં. ૧ જયુડીશીયલ કસ્ટડીમાં છે. આરોપી નં. ૨ હાલમાં જામીન ઉપર મુકત હોય જેનો હાલ ગુણદોષ ઉપર નિર્ણીત કરવામાં આવે છે.

૪) આ કામમાં આરોપી નં.૧ નાઓને હાજર રખાવવા જેલયાદી આધારે સમન્સ કરવામાં આવતા આરોપી જેલમાંથી હાજર થયેલ. આરોપી નં. ૨ નાઓને સમન્સની બજવણી કરતાં તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે, આરોપીઓને પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કરી આરોપીઓ વિરૂદ્ધ મારા વિ.પુરોગામીશ્રીએ આંક–૧૬ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૮૯ (ક)(ખ)(ગ)(ઘ) ની સાથે વાંચતા ૧૧૪ મુજબના ગુના સબબનુ તહોમતનામુ તા.૨૭/૦૭/૨૦૨૨ ના રોજ ફરમાવી, આંક–૧૭ તથા આંક– ૧૮ થી આરોપી ઓની પ્લી રેકર્ડ કરતા, આરોપીઓએ તેમની સામેના ગુના કબુલ નથી અને તેઓ કેસ આગળ ચલાવવા માંગે છે તેમ જણાવેલ છે. જેથી ફરીયાદ પક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવવા જણાવવામાં આવેલ છે.

૫) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરેલ છે.

| નં. | સાહેદનુ નામ અને વિગત. | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી હાર્દિક કનૈયાલાલ શ્રીમાળી | ૨૨ |
| ૨ | પંચસાહેદ નિકુલભાઈ મગનભાઈ પ્રજાપતિ | ૨૫ |
| ૩ | પંચસાહેદ ભાનુપ્રસાદ કેશવલાલ પટેલ | ૩૦ |
| ૪ | પંચસાહેદ યોગેશજી માધાજી ઠાકોર | ૫૩ |
| ૫ | પંચસાહેદ લાલાજી મણાજી ઠાકોર | ૫૫ |
| ૬ | સાહેદ મુકેશસિંહ અણદુસિંહ વાઘેલા | ૬૨ |
| ૭ | સાહેદ દિનેશકુમાર મહાદેવભાઈ ચૌધરી | ૬૪ |
| ૮ | સાહેદ રોનકકુમાર પંકજકુમાર શર્મા | ૬૫ |
| ૯ | સાહેદ ભરતભાઈ મેઘજીભાઈ ચૌધરી | ૬૮ |
| ૧૦ | સાહેદ મેહુલકુમાર ઈશ્વરભાઈ ચૌધરી | ૭૦ |
| ૧૧ | સાહેદ ઉત્કર્ષ મનહરસિંહ ગઢવી | ૭૩ |

| નં. | સાહેદનુ નામ અને વિગત. | આંક |
|---|---|---|
| ૧૨ | પી.એસ.ઓ. ઘનશ્યામસિંહ રાજેન્દ્રસિંહ રાઓલ | ૭૫ |
| ૧૩ | તપાસનીશ અધિકારી પૃથ્વીરાજસિંહ જયેન્દ્રસિંહ ચુડાસમા | ૭૮ |
| ૧૪ | તપાસનીશ અધિકારી જતીન અમરતલાલ પ્રજાપતિ | ૮૭ |

૬) ફરીયાદપક્ષે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| નં. | દસ્તાવેજની વિગત. | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૨૩ |
| ૨. | બનાવટી ચલણી નોટોનુ પંચનામુ | ૨૬ |
| ૩ | ડીસ્કવરી પંચનામુ | ૩૧ |
| ૪ | પંચસ્લીપ નંગ– કુલ ૧૪ | ૩૨ થી ૪૫ |
| ૫ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૫૪ |
| ૬ | પ્રિન્ટર ખરીદ કરેલ તેનુ બીલ | ૬૬– ૬૭ |
| ૭ | લાઈટબીલ | ૬૯ |
| ૮ | સ્ટેશન ડાયરી | ૭૬ |
| ૯ | સુચિપત્ર તથા ડેપ્યુટ હુકમ | ૭૭ |
| ૧૦ | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૭૯ |
| ૧૧ | એસ.બી.આઈ માણસા શાખાનુ સર્ટીફિકેટ | ૮૦ |
| ૧૨ | કુલ–૧૫ પાર્સલ મુદ્દામાલ એફ.એસ.એસ મોકલી આપેલ તેની રવાનગી નોંધ | ૮૧ |
| ૧૩ | મુદ્દામાલની અસલ પહોંચ | ૮૨ |
| ૧૪ | મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ કુલ –૪ પાનામાં | ૮૩ |

PRINCIPAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR सत्यमेव जयते

| | | |
|---|---|---|
| ૧૫ | આરોપી નં.૧ સંતોષના મોબાઈલની કોલ ડીટેઈલ | ૮૪ |

૭) આ કામમાં ફરીયાદપક્ષ તરફથી ઉપરોકત પ્રમાણે મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલા છે ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી ઘ્વારા આંક: ૮૮ થી ફરિયાદપક્ષના સાહેદો તપાસવા નથી તે મલતબની ડ્રોપ પુરસીસ રજુ કરેલ છે તથા વિ.એ.પી.પી.શ્રીએ આંક–૮૯ થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનુ જાહેર કરેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાની હકિકતો અંગે આરોપીઓને ખુલાસો કરવાની તક આપી, સી આર.પી.સી.ની કલમ– ૩૧૩ હેઠળ નિવેદનો નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ તેમની સામેની તમામ હકિકતોનો ઈન્કાર કરેલ છે. તેઓએ સોગંદ પર જુબાની આપેલ નથી કે તેઓએ બચાવના સાહેદો તપાસેલા નથી અને પોતાના વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, ''અમારા ઉપર ખોટો કેસ કરેલ છે તથા ખોટુ ચાર્જશીટ કરેલ છે.''

૮) ત્યારબાદ આરોપીપક્ષે વિ.વકીલશ્રી એ.બી.રાઓલની દલીલો સાંભળી તથા તેઓએ આંક: ૯૧ થી લેખિત દલીલો રજુ કરતાં જે વંચાણે લીધી. ફરીયાદપક્ષ તરફે વિ. મદદનીશ સરકારી વકીલશ્રી જે.એચ. જોષીની દલીલો સાંભળવામાં આવી.

ફરીયાદપક્ષે વિ.સરકારી વકિલશ્રી જોષીની દલીલ એવી છે કે, આ કામે ફરીયાદી પોતે માણસા પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા અને તેમના રૂટિન પેટ્રોલીંગ દરમ્યાન આ કામના આરોપી પોતાના કબજાનું મોટરસાયકલ લઈ પસાર થતા હતા તે સમયે વાહન ચેકીંગ કરતાં આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી એક લેધરનુ બેગ હતુ તેમાં રૂા.૧૦૦/–ના દરની રૂા.૫૦૦/–ના દરની અને રૂા.૨,૦૦૦/– ના દરની નોટો મળી આવેલ જે ચેક

કરતાં ડુપ્લીકેટ હોવાનુ જણાઈ આવેલ અને આ ડુપ્લીકેટ નોટો સબંધે એસ.બી. આઈ.ના અધિકારીનો રીપોર્ટ મેળવેલ છે. અને તે રીપોર્ટમાં પણ આ ચલણી નોટ ડુપ્લીકેટ હોવાનુ સ્પષ્ટપણે સાબિત થયેલ છે અને આરોપીના ખિસ્સામાંથી એક વીવો કંપનીનો મોબાઈલ ફોન, તેમનુ આધાર કાર્ડ, તેમનુ ઈલેકશન કાર્ડ તથા પાનકાર્ડ મળી આવેલ તથા રૂ.૨૦૦/– ના દરની એક અસલ નોટ પણ મળી આવેલ હતી. એફ.એસ.એલ.અધિકારીએ પણ આ મળી આવેલ ડુપ્લીકેટ ચલણીનોટની ખરાઈ કરી તે ડુપ્લીકેટ હોવાનો તેમનો અભિપ્રાય રજુ કરેલો. પ્રથમ દ્રષ્ટિએ જ આ ચલણી નોટ ડુપ્લીકેટ હોવાનુ પણ તેની સાઈઝ ઉપરથી જણાતુ હતુ. અને નોટોની જે પેપર કવોલીટી હતી તે પણ ઓછી ગુણવત્તાવાળી હતી. તેથી પણ તે ડુપ્લીકેટ હોવાનુ સ્પષ્ટપણે જણાયેલ તથા આ મળી આવેલ ડુપ્લીકેટ ચલણી નોટોમાં સિકયુરીટી થ્રેડની હાજરી ન હતી. ત્યાં માત્ર પ્રિન્ટ થયેલુ હતુ. આમ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી ઉપરોકત ચલણી નોટો કે જે ડુપ્લીકેટ હતી તે મળી આવેલ તે કબજે લીધેલી છે અને આ આરોપી સંતોષભાઈનાઓએ પોતાનુ રહેણાંકનુ સરનામુ સહજાનંદ ફલેટ–૩૦૨ આપેલ હતો. જેથી ત્યાં તપાસ કરતાં આરોપી નં. ૨ મળી આવેલ અને તેઓએ પોતાની ઓળખાણ આરોપીની પત્ની તરીકેની આપેલી અને આ રહેણાંક મકાનમાં નકલી નોટ છાપવા માટે પ્રિન્ટર મશીન તથા કાગળો અને શાહી પણ મળી આવેલ હતી. જે તપાસ અર્થે કબજે લીધેલુ. જે કાગળો મળી આવેલા તે નકલી નોટો છાપી શકાય તે સાઈઝના બંડલો હતા. અને તે કટ કરવા માટેનુ કટર મશીન પણ મળી આવેલુ. આમ મજકુર તમામ ચીજવસ્તુઓ પંચનામાની વિગતે કબજે લીધેલી. મજકુર પંચસાહેદોએ તેમની હાજરીમાં આ મુદ્દામાલ કબજે લેવાયાનો સમર્થન કારક પુરાવો રજુ કરેલ છે. પૃથ્થકરણ અહેવાલમાં પણ આ ચલણી નોટ નકલી

હોવાનુ એફ.એસ.એલ. ધ્વારા રીપોર્ટ રજુ થયેલ છે. આમ ફરીયાદપક્ષે તેમનો કેસ તમામ વ્યાજબી શંકાથી પર સાબિત કરેલ હોય આ કામના આરોપીને સખત સજા કરવા અરજ કરેલ છે.

બચાવપક્ષે વિ.વકિલશ્રી એ.બી.રાઓલની દલીલ સાંભળી તથા તેઓની આંક: ૯૧ વાળી લેખિત દલીલ પણ વંચાણે લીધી. તેઓની મુખ્ય દલીલ એવી છે કે, આરોપી વિરૂધ્ધ તદૃન ખોટા આક્ષેપોવાળો કેસ કરેલ છે. ફરીયાદીએ તેની ઉલટતપાસમાં એ હકિકત સ્વિકારેલ છે કે, તેઓએ ફરીયાદમાં આ નોટની સાઈઝ અસલ ચલણી નોટ કરતાં લંબાઈ કે પહોળાઈમાં કેટલી નાની કે મોટી છે તેવુ લખેલ નથી. આમ ફરીયાદી કે તપાસ કરનાર અમલદારના પુરાવા પરથી આવા પ્રકારની નકલી ચલણી નોટ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલાનુ લેશમાત્ર સાબિત થતુ નથી. વધુમાં હાલના આરોપી નં. ૨ને આરોપીના પત્ની તરીકે દર્શાવેલ છે. પરંતુ આરોપીના પત્નીનુ નામ સંગીતાબેન છે જયારે વૈશાલીબેન તે આરોપીના પત્ની નથી. વધુમાં જે આક્ષેપ છે કે આરોપીએ સાહેદનુ મકાન ભાડે લીધેલુ. પરંતુ તેમનો ભાડા કરાર રજુ કરેલ નથી. આમ જે મકાનમાંથી મુદ્દામાલ પ્રિન્ટર કબજે લીધેલ છે તેમાં હાલના આરોપી રહેતા હોવાનુ કોઈપણ રીતે સાબિત થતુ નથી. વધુમાં મળી આવેલ ચલણી નોટો ડુપ્લીકેટ હોવાનો જે આક્ષેપ છે તે તમામની સાઈઝ એકસરખી હતી. જયારે વાસ્તવમાં ૫૦૦/– ના દરની ૧૦૦/– ના દરની વિગેરે ચલણીનોટની સાઈઝ પણ અલગ અલગ છે. તે રીતે મળી આવેલ ડુપ્લીકેટ નોટો આ કામના આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલાનુ લેશમાત્ર ફલિત થતુ નથી. વધુમાં પંચસાહેદે પણ પંચનામુ ગ્રામભારતી મુકામે થયાનુ જણાવેલ નથી. મજકુર પંચ નિકુલભાઈ કે જે અવાર નવાર પંચ તરીકે સહી કરે છે તેઓએ તેમની ઉલટતપાસમાં એવુ જણાવેલ છે કે,

તેમની ચાની કીટલી પોલીસ સ્ટેશન પાસે આવેલી હોય જેથી પોલીસના કહેવાથી અગાઉ પંચનામામાં સહી કરેલી. આમ પોલીસ સ્ટેશનની સામે મજકુર પંચસાહેદ ની ચાની કીટલી આવેલી હોય તેથી પોલીસની બીકમાં અને ડરમાં તેઓએ પંચનામામાં સહી કરેલી હોવાની શકયતાને નકારી શકાય નહી. તેઓની વધુમાં એવી પણ દલીલ છે કે,મજકુર પંચસાહેદે તેમની જુબાનીમાં ગ્રામભારતી પાસે કયા કયા પોલીસવાળા હાજર હતા તેવી હકિકત જણાવેલ નથી. અને તે રીતે જયારે તેમની ચાની લારી પોલીસ સ્ટેશનની સામે આવેલ હોય તેઓ પોલીસવાળા ને ઓળખતા હોય તેમ છતાં પણ કોણ કોણ વ્યકિત ગ્રામભારતી પાસે હાજર હતા તેવી હકિકત જણાવેલ નથી તે નજર સમક્ષ રાખતાં જે રેડ સમયે હાજર હોવાનુ પોલીસ કર્મચારીઓ વિશે કહેવામાં આવેલ છે તેવા કર્મચારીઓ સ્થળ પર હાજર ન હતા. તેથી પંચસાહેદે આવા કોઈ અધિકારીકે કર્મચારીના નામ જણાવેલ નથી. વધુમાં આંક:૩૦વાળા પંચ ભાનુપ્રસાદ પણ અગાઉ ઘણીવાર પંચ તરીકે રહેલાનુ સ્વિકારેલ છે તેથી તેઓ કોર્ટ કાર્યવાહીથી માહિતગાર છે. અને તેઓ પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે પોલીસે જણાવેલ કે, જાલી નોટનુ પંચનામુ કરવાનુ છે તેથી આ પંચની હાજરીમાં આ કામના આરોપીએ કોઈ જગ્યા બતાવેલ હોય અથવા તે શું જણાવવા માંગે છે તે બાબતની જાણ પંચનામુ કર્યા પહેલા કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી.આમ મજકુર પંચની જુબાની શંકાસ્પદ બની રહે છે. પંચ યોગેશજી તથા લાલાજીને સમર્થનકારક પુરાવો નહી આપવાથી વિ.એ.પી.પી.શ્રી એ ફરી ગયેલ જાહેર કરેલ છે. વધુમાં આક્ષેપિત પ્રિન્ટર જે વ્યકિતની દુકાનમાંથી ખરીદેલા તેણે તેની ઉલટતપાસમાં એ હકિકત સ્વિકારેલ છેકે, આંક:૬૬ અને ૬૭ વાળા બીલ જોવાથી એવુ કહી શકાય નહી કે આરોપીને વેચેલ પ્રિન્ટર સબંધેના જ બીલ છે કે કેમ ? વધુમાં આરોપીએ જે ફલેટ ભાડે રાખેલ તેના માલીકને સાહેદ

તરીકે તપાસેલા છે અને તેઓએ આરોપીને ફલેટ ભાડે આપતા સમયે તેમનુ કોઈ આઈ–પ્રુફ લીધેલ નથી.વધુમાં મજકુર સાહેદે એવુ પણ સ્વિકારેલ છે કે, ફલેટ ભાડે આપ્યા બાદ સંતોષભાઈ કામ સબબ તેમની ઓફિસે આવતા હતા. મજકુર ફલેટના માલીક કે જે વ્યવસાયે વકિલ છે છતાં પણ તેઓએ ફલેટ ભાડે આપતા પહેલાં કોઈ કરાર કરેલ નથી કે ફલેટ ભાડે આપતા સમયે કોઈ આઈ–પ્રુફ પણ લીધેલ નથી તે હકિકત લેશમાત્ર માનવાપાત્ર જણાતી નથી. આમ રેકર્ડ પરનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં આ કામના આરોપીઓના પ્રત્યક્ષ કબજામાંથી બનાવટી ચલણી નોટના કટીંગવાળા બંડલ મળી આવેલાનુ કે તે છાપવા માટેના કોઈ પ્રિન્ટર મળી આવેલાનુ લેશમાત્ર સાબિત થતુ નથી. અને તે સંજોગોમાં આ કામના આરોપી વિરૂધ્ધનો ગુનો સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેતા હોય આરોપીને નિર્દોષ ઠેરવી છોડી મુકવા અરજ કરેલ છે.

૦૯) ઉપરોકત હકિકત તથા સંજોગો નજર સમક્ષ રાખતાં આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદા ::–**

:૧: શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે,આ કામના આરોપી નં. ૧ નાઓએ તા.૩૦/૫/૨૦૨૧ ના કલાક ૬:૪૫ વાગે મોજે ગ્રામભારતી ચોકડી, તા.માણસા મુકામે પોતાના કબજાનું મોટરસાયકલ નં. GJ-01-UN-3787 લઈ આવતા, વાહન ચેકિંગ દરમ્યાન આરોપી પાસેથી એક થેલામાં મુકેલ ભારતીય ચલણની બનાવટી નોટો રૂ.૨૦૦૦/– ના દરની નોટ નંગ–૧૧૩૭, તથા રૂ.૫૦૦/– ના દરની નોટ નંગ– ૧૨૦૪ તથા રૂ.૧૦૦/– ના દરની નોટ નંગ– ૧૨૪૦ મળી કુલ નોટો નંગ–૩૫૮૧ જેની કુલ કિંમત રૂ.૩૦,૦૦,૦૦૦/– ની રકમની જે ડુપ્લીકેટ નોટો સાથે પકડાઈ જઈ ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૮૯(ગ/સી)ને શિક્ષાને પાત્ર ગુન્હા કરેલ છે?

**:૨:** શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે,આ કામના આરોપી નં. ની તપાસ દરમ્યાન આરોપી નં.૧ પોતાના ભાડાના રહેણાંક મકાન સરગાસણ, સહજાનંદ સ્ટેટસ ફલેટ, બ્લોક નં.એ/૩૦૨માં આરોપી નં. ૨ નાઓએ આરોપી નં.૧ ને બનાવટી ચલણી નોટો બનાવવાની તથા પ્રિન્ટ કરવા ના ઈલેકટ્રોનિક સાધન સામગ્રી ખરીદવામાં તેમજ નોટો કટીંગ કરવામાં એકબીજાની મદદગારી કરી સરગાસણ, સહજાનંદ સ્ટેટસ ફલેટ, બ્લોક નં.એ/૩૦૨માં કલર પ્રિન્ટર નંગ–૨ તથા પ્રિન્ટરની કાર્ટીઝ નંગ–૬ તથા પ્રિન્ટરની ઈન્કની બોટલ નંગ–૬ તથા કોરા કાગળ તથા કાગળની રીમ તથા કાગળ કાપવાના કટર નંગ–૭, જે બનાવટી નોટો પ્રિન્ટ કરવાની સાધન સામગ્રી પોતાના કબજામાં રાખી તથા ભારતીય ચલણની બનાવટી નોટો જેમાં રૂ.૨,૦૦૦/– ના દરની નોટ નંગ–૭૪૪, રૂ.૫૦૦/– ના દરની નોટ નંગ–૧૪૦ તથા રૂ.૧૦૦/– ના દરની નોટ નંગ–૮૨૨૫ મળી કુલ નોટો નંગ–૯૧૦૯ જેની કુલ કિંમત રૂ.૨૩,૮૦,૫૦૦/– ની રકમની પણ પોતાના કબજામાં રાખી આ મુદામાલ સાથે મળી આવી એકબીજાની મદદગારી ગુનો આચરવામાં કરી પકડાઈ જઈ ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૮૯(ક/એ)(ખ/બી)(ઘ/ડી) સાથે વાંચતા ૧૧૪ ને શિક્ષાને પાત્ર ગુન્હા કરેલ છે?

**:૩:** શું હુકમ ?

**૧૦)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:૧:** હકારમાં

**:૨:** નકારમાં

**:૩:** આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદા નંબર–૧ તથા મુદા નંબર–૨.</u>**

**૧૧)** ઉપરોકત મુદા નંબર–૧ તથા મુદા નંબર–૨ એક બીજાને સંલગ્ન હોઈ હકીકતોના પુનરાવર્તનને ટાળવા બન્ને મુદાની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. હાલના કેસની હકીકત તથા સંજોગો નજર સમક્ષ રાખતાં તથા આરોપી વિરૂધ્ધનો ગુનો નજર સમક્ષ રાખતાં તા.૨૯/૫/'૨૧ ના રોજ માણસા પોલીસ સ્ટેશનના કર્મચારી, અધિકારી જયારે વાહન ચેકીંગમાં ગ્રામભારતી ચોકડી ખાતે હાજર હતા તે સમયે આ કામના આરોપીનુ વાહન ચેક કરતાં તેના કબજામાં રહેલ થેલામાંથી બનાવટી ચલણી નોટો મળી આવેલ છે. તેઓ ફરીયાદપક્ષનો કેસ છે. આમ મજકુર આક્ષેપ સાબિત થાય છે કે કેમ ? તે માટે ફરીયાદપક્ષે નીચે પ્રમાણેના પુરાવાની ચર્ચા કરવામાં આવેલ છે.

**૧૨)** ફરીયાદપક્ષ ધ્વારા આંક: ૨૨ થી ફરીયાદી હાર્દિક કનૈયાલાલ શ્રીમાળીને સોગંદ પર તપાસેલા છે. મજકુર ફરીયાદીએ તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૯/૫/'૨૧ ના રોજ તેઓ માણસા પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ પર હતા તે દરમ્યાન બપોરના ૩:૦૦ વાગ્યાથી રાત્રિના ૮:૦૦ વાગ્યા સુધી ગ્રામભારતી ચોકડી ખાતે વાહન ચેકીંગ હતુ તેમાં તેઓ પી.આઈ. શ્રી જતીન પ્રજાપતિ, એ.એસ.આઈ. મુકેશસિંહ અણદુસિંહ, એ.એસ.આઈ. દિનેશભાઈ મહાદેવભાઈ, પો.કો.નરેશભાઈ હરીભાઈ, મહેન્દ્રસિંહ બળવંતસિંહ, દિનેશભાઈ, ચેતનસિંહ તેમજ મહિલા કોન્સ્ટેબલ ભાવનાબેન હાજર હતા તે દરમ્યાન ૧૮:૪૫ વાગે ગાંધીનગર તરફથી એક મોટર સાયકલવાળા ઈસમ આવતા તેમને ઉભા રાખી નામ ઠામ પુછતાં પોતાનું નામ સંતોષભાઈ કચરાભાઈ રાવળ રહેવાસી : સહજાનંદ ફલેટ, એ–૩૦૨, સરગાસણ. મુળ રહેવાસી : ગામ ખડાત, પંચાલપુરાનુ જણાવતા હોય તેમના ખભે લટકાવેલ લેધરનું બેગ ચેક કરતાં તેમાં ૧૦૦/– ના દરની,૫૦૦/– ના દરની અને ૨૦૦૦/– ના દરની

નોટો મળી આવેલ જે ચેક કરતાં ડુપ્લીકેટ હોવાનુ જણાઈ આવેલુ. આ નોટો બાબતે પુછતાં કોઈ સંતોષકારક જવાબ આપેલો નહી. ત્યારબાદ પંચો બોલાવી પંચનામાની વિગતે મજકુર મળી આવેલ ચલણીનોટોની ખરાઈ કરવાની હતી અને તેથી તેમને આ મુદ્દામાલ સાથે પોલીસ સ્ટેશન લાવેલા. પોલીસ સ્ટેશન લાવ્યા બાદ તેમની અંગજડતી કરતાં પેન્ટના ખિસ્સામાંથી એક વીવો કંપનીનો મોબાઈલ ફોન, આધાર કાર્ડ, ઈલેકશન કાર્ડ, પાનકાર્ડ તેમજ રૂા.૨૦૦/- દરની એક અસલ નોટ મળી આવેલી.

**૧૨.૧)** સાહેદે વધુમાં એવુ જણાવેલ છે કે, પોલીસ સ્ટેશન આવી નોટ ચેક કરતાં ૨૦૦૦/- ના દરની કુલ ૧૧૩૭ નોટ જેની કિંમત ૨૨,૭૪૫૦૦૦/-, ૫૦૦/- ના દરની કુલ ૧૨૦૪ નોટ જેની કિંમત રૂા.૬,૦૦,૨૦૦૦/- તથા ૧૦૦/- ના દરની ૧૨૪૦ નોટ કિંમત રૂા.૧,૨૪,૦૦૦/- તેમ કુલ મળી ૩૫૮૧ નોટો કે જેની કિંમત રૂા.૩૦,૦૦,૦૦૦/- જેટલી થતી હતી. તેવી બનાવટી ચલણી નોટ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલી. ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારી તેમજ એસ.બી.બેંકના અધિકારીને બોલાવવાની તજવીજ કરેલી. એફ.એસ.એલ. અધિકારીશ્રી ચાવડા આવી ગયેલા તેમજ એસ.બી.આઈ.ના મેનેજર પોલીસ સ્ટેશને આવેલા અને તેઓને આ બનાવ બાબતે સમજ કરવામાં આવેલી અને તેઓના મત પ્રમાણે આ નોટ ડુપ્લીકેટ હોવાનુ પ્રથમ દૃષ્ટિએ જણાઈ આવેલ. ત્યારબાદ ખરાઈ કરતાં એક જ સીરીઝની અનેક નોટો તેમજ અસલ ચલણી નોટોની સાઈઝ કરતાં ડુપ્લીકેટ નોટોની સાઈઝ નાની હતી. તેમજ જણાવેલ કે, પેપર કવોલીટી ઓછી ગુણવત્તાવાળી છે. નોટો ઉપર ઈન્ટીગ્લો પ્રિન્ટની હાજરી જણાઈ આવેલ નથી તથા નોટના ઉપર સાઈડના ખુણામાં ભીનું કપડું ઘસતાં તેનો કલર જાય છે તેમજ સીકયુરીટી થ્રેડ હાજર ન

હતો.માત્ર પ્રિન્ટ જણાયેલી.એફ.એસ.એલ.અધિકારીશ્રીનો પ્રાથમિક અહેવાલ લીધેલો. તેમજ એસ.બી.આઈ.ના મેનેજરશ્રી ધ્વારા નોટ ડુપ્લીકેટ હોવાનુ પ્ર માણપ્રત્ર આપવામાં આવેલુ હતુ. આ નોટો બાબતે આરોપીને પુછપરછ કરતાં તે વિજાપુર લઈને જતા હોવાનુ જણાવેલુ. જેથી આરોપી વિરૂધ્ધ આંક: ૨૩ વાળી ફરીયાદ આપેલી. આરોપી જે બાઈક પર જતા હતા તે બાઈકનો નંબર જી.જે.૧૮. ૩૭૮૭ હતો. તે હોન્ડા કંપનીનુ શાઈન બાઈક હતુ. સાહેદે બનાવટી ચલણી નોટ કે જે મુદ્દામાલમાં કબજે લીધેલ તે કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે તથા આરોપીને પણ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં સાહેદ આંક: ૨૩ વાળી ફરીયાદ હકિકતને સંપુર્ણ સમર્થન કરે છે. આમ હાલના સાહેદની જુબાની તથા આંક:૨૩ વાળી ફરીયાદની હકિકત નજર સમક્ષ રાખતાં બનાવના દિવસે ફરીયાદી તેમજ સહકર્મચારીઓ સાથે ગ્રામભારતી ચારરસ્તા આગળ વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કુલ ૩૫૮૧ બનાવટી ચલણી નોટ મળી આવેલાનુ સ્પષ્ટપણે પ્રસ્થાપિત થાય છે. હવે હાલના સાહેદની ઉલટતપાસ બચાવપક્ષે થયેલ છે. સાહેદે ઉલટતપાસમાં એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, ગ્રામભારતી ચાર રસ્તા ઉપર પુર્વ દિશાનો રોડ અલુવા તરફ, પશ્ચિમ તરફનો રોડ લીંબોદરા તરફ, ઉત્તર તરફનો રોડ લોદરા વિજાપુરા તરફ જાય અને દક્ષિણ તરફનો રોડ ગાંધીનગર તરફ આવે. એ હકિકત પણ ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, આ ગ્રામ ભારતી ચાર રસ્તા ઉપર પુર્વ અને પશ્ચિમ તરફ ચાની લારી, ફ્રુટવાળા અને શાકભાજીવાળા ઉભા રહે છે અને ત્યાં ઘણા માણસોની અવરજવર રહે છે. વધુમાં સાહેદે એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,આરોપીને તેઓએ જાતે રોકેલા નહી. એ હકિકત સ્વિકારેલ છે કે, આરોપી પાસેથી થેલો મળી આવેલ તેથી

બધા પોલીસવાળા એકત્રિત થઈ ગયેલા. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, ત્યાં આજુબાજુના લોકો પણ એકત્રિત થઈ ગયેલા. આરોપી પાસેથી થેલો મળ્યા બાદ આશરે પચાસેક મીનીટ આ સ્થળ પર રોકાયેલા. ગ્રામભારતી ચાર રસ્તા પરથી પોલીસ સ્ટેશન જવા માટે અંબોડ મકાખાડાવાળા રોડેથી ગયેલા. આ રોડથી પોલીસ સ્ટેશન નવેક કિ.મી. જેટલુ દૂર થાય અને આશરે પંદરેક મીનીટ જેટલો સમય લાગેલો. સાહેદે એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, ઉપરી અધિકારીના કહેવાથી ફરીયાદ કરેલ છે. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, તેમણે ફરીયાદમાં બાઈકનો નં.જી.જે.૧૮.૩૭૮૭ હોવાનુ લખાવેલ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, ફરીયાદમાં જી.જે.૧.યુ.એન.૩૭૮૭ લખાવેલ છે. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, તેઓએ ફરીયાદમાં અસલી ચલણી નોટ કરતાં લંબાઈ પહોળાઈમાં કેટલી નાની કે મોટી હતી તેવુ ફરીયાદમાં લખાવેલ નથી. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,આરોપી વિજાપુર નોટો લઈને જતો હતો પણ તે વિજાપુર આ નોટોનુ શું કરવાનો હતો તેવુ ફરીયાદમાં લખાવેલ નથી. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છેકે,આરોપી પાસેથી આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, પાનકાર્ડ અને રૂા.૨૦૦/– ના દરની ચલણી નોટ મળી આવેલ તે બાબતે તેમના રૂબરૂ કોઈ પંચનામુ થયેલ નહી. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, બિનવારસી થેલો મળી આવેલ. સાહેદે એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,૨૦૦/– ના દરની નોટોનુ બંડલ, ૫૦૦/– ના દરની નોટોનુ બંડલ અને ૧૦૦/– ના દરની નોટના દરનુ બંડલોની લંબાઈ, પહોળાઈ અને જાડાઈ એકસરખી હતી. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,પંચોને તેઓએ બોલાવેલ નહી. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાનીમાં ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં બચાવપક્ષ શંકા ઉભી કરવામાં નિષ્ફળ રહે છે. બચાવપક્ષે એવો બચાવ લેવા

પ્રયત્ન થયેલ છે કે, મળી આવેલ મોટરસાયકલનો નંબર પ્લેટ ફરીયાદીએ તેની ફરીયાદમાં જી.જે.૧.યુ.એન.૩૭૮૭ લખાવેલ છે. જયારે ફરીયાદમાં જી.જે.૧૮. ૩૭૮૭ લખાવેલ છે. તે રીતે પરસ્પર વિરોધાભાસ આવે છે. પરંતુ ફરીયાદીની ફરીયાદ હકિકત તથા મુદ્દામાલ પાવતી નજર સમક્ષ રાખતાં આરોપી પાસેથી વાહન જી.જે.૧.યુ.એન.૩૭૮૭ મળી આવેલ છે. જેનો એન્જીન નં. JC65E72 427513 તથા ચેચીસ નં.ME4JC65DMJ7002917 હોવાનુ ફરીયાદીમાં પણ ઉલ્લેખ થયેલ છે. અને મુદ્દામાલ પાવતીમાં પણ ઉલ્લેખ થયેલ છે તે રીતે મજકુર વાહન સાથે આરોપી મળી આવેલાનુ ફરીયાદીની જુબાની તથા આંક: ૨૩ વાળી ફરીયાદ હકિકત વંચાણે લેતાં ફલિત થાય છે. વધુમાં ફરીયાદીની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં બચાવપક્ષે એવો બચાવ લેવા પણ પ્રયાસ થયેલ છે કે, મુદ્દામાલ થેલો જે મળી આવેલ છે તે બિનવારસી મળી આવેલો હતો. પરંતુ મજકુર હકિકતનો ફરીયાદીએ ઈન્કાર કરેલ છે. આમ છતાં પણ જો આરોપીનો એવો બચાવ હોય કે બિનવારસી થેલો મળી આવેલો તેનો ખોટો કેસ આરોપી ઉપર કરેલ છે તો આ હકિકત આરોપી તરફે રેકર્ડ ઉપર લાવવી જોઈએ. કારણ કે, ફરીયાદી કે જે પોલીસખાતાના જવાબદાર અધિકારી છે અને તેઓને આરોપી સાથે કોઈ ગ્રિવન્સ, અણબનાવ, ગ્રજ કે દુશ્મની હોય તેવી કોઈ હકિકત ફલિત થતી નથી તે સંજોગોમાં મજકુર બચાવ પણ લેશમાત્ર ગ્રાહય રાખવાપાત્ર જણાતો નથી.

૧૩) ફરીયાદપક્ષે આંક: ૬૨ થી મુકેશસિંહ અણદુસિંહ વાઘેલાને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૯/૫/'૨૧ ના રોજ પી.આઈ.શ્રી જતીન પ્રજાપતિ તથા પી.એસ.આઈ.શ્રી એચ.કે.શ્રીમાળી, એ.એસ.આઈ. દિનેશકુમાર મહાદેવભાઈ, પો.કો.નરેશભાઈ હરીભાઈ, મહેન્દ્રસિંહ

દલપુજી, બળવંતસિંહ મફાજી, કેતનકુમાર પ્રતાપભાઈ, દિનેશભાઈ મુળજીભાઈ, ચેતનસિંહ નટુજી તથા વુમન લોકરક્ષક ભાવનાબેન કાળાભાઈ વિગેરે માણસા પોલીસ સ્ટેશન ગ્રામભારતી ચોકડી ખાતે કલાક ૩:૦૦ થી રાત્રિના ૮:૦૦ દરમ્યાન વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન સાંજે ૧૮:૪૫ વાગે ગાંધીનગર તરફથી એક મોટરસાયકલ ઉપર એક ઈસમ ખભે થેલો ભરાવી આવેલ. જેને ઉભો રાખી તેનુ નામઠામ પુછતાં પોતાનુ નામ સંતોષકુમાર કચરાભાઈ રાવળ રહેવાસી : સરગાસણ, સહજાનંદ ફ્લેટ, બ્લોક નં.એ–૩૦૨, ગાંધીનગર. મુળ રહેવાસી : ખડાત, પંચાલપુર, તા.માણસા, જિ.ગાંધીનગરનો હોવાનુ જણાવેલ. જેના થેલાની તલાશી લેતાં ૨૦૦૦ ના દરની નોટો, ૫૦૦ ના દરની નોટો તથા ૧૦૦ ના દરની નોટોના કોરા બંડલ જણાઈ આવેલ. જે કોરી તથા ખોટી તથા ડુપ્લીકેટ નોટો હોવાનુ જણાઈ આવેલ. જે બાબતે આ વ્યકિતની પુછપરછ કરતાં કોઈ સંતોષકારક જવાબ આપતા ન હોય. પી.આઈ.શ્રીએ નજીકમાંથી બે પંચોને બોલાવી લાવવા સમજ કરેલી. અને પંચો આવ્યા ત્યારે તેની રૂબરૂ તપાસ કરતાં એક નંબરની સીરીઝના બંડલ જણાયેલ. તે રીતે પ્રથમ દૃષ્ટિએ ડુપ્લીકેટ નોટ હોવાનુ જણાઈ આવેલ. મજકુર ઈસમ હોન્ડા શાઈન કંપનીનુ કાળા કલરનુ બાઈક જેનો નં.જી.જે.૧.યુ.એન.૩૭૮૭ હતો. જે કબજે લીધેલ તેમજ જે નોટોના બંડલ મળી આવેલ તે પણ પંચનામાની વિગતે કબજે લીધેલ.

૧૩.૧) સાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ આ ઈસમને પોલીસ સ્ટેશન લઈ જઈ કબજે કરેલ નોટોનુ એફ.એસ.એલ.અધિકારી મારફત પરીક્ષણ કરાવવુ જરૂરી હોય એફ.એસ.એલ.અધિકારી તથા એસ.બી.આઈ. માણસા શાખાના બેંક મેનેજરને પોલીસ સ્ટેશન બોલાવી લાવેલ અને જપ્ત કરેલ ચલણી નોટોનુ એફ. એસ.એલ. અધિકારી મારફત પરીક્ષણ કરાવેલ તેમજ મજકુર સંતોષકુમાર રાવળ

ની અંગજડતી કરતાં તેના ખિસ્સામાંથી રોકડા રૂ.૨૦૦/- તથા સંતોષકુમાર કચરાભાઈ રાવળના પાનકાર્ડ, આધારકાર્ડ, ચુંટણીકાર્ડ તથા વીવો કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ મળી આવેલ. જે તમામ વસ્તુઓ પંચનામાની વિગતે કબજે લીધેલી. તે મતલબે તા.૨૯/૫/૨૦૨૧ ના રોજ સાંજે ૭:૦૦ વાગ્યા થી તા.૩૦/૫/૨૦૨૧ ના ૦૦ થી ૧૨:૩૦ સુધીનુ પી.આઈ.શ્રી સમક્ષનુ પંચનામુ કરેલુ. તેમાં રૂા.૨૦૦૦/- ના દરની જુદી જુદી સીરીઝની ૧૧૩૭, ૫૦૦/- ના દરની કુલ રૂા.૬,૦૦,૨૦૦૦/-ની કિંમતની તથા ૧૦૦/-ના દરની કુલ ૧,૨૪,૦૦૦/- ની કિંમતની નોટો મળી આવેલ. જે કુલ ત્રીસ લાખ રૂપિયાની થતી હતી. જેને પ્લાસ્ટીકના જુદા જુદા પારદર્શક બોકસમાં મુકી તેના ઉપર પી.આઈ.શ્રી માણસા પોલીસ સ્ટેશનનુ સીલ કરી તપાસ અર્થે કબજે લીધેલ. મુદ્દામાલ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. તથા આરોપી પણ કોર્ટ રૂબરૂ હાજર હોય તો ઓળખી બતાવે તેવુ સાહેદે જણાવેલ છે. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં સાહેદ ફરીયાદપક્ષના કેસની હકિકતને સંપુર્ણ સમર્થન કરે છે. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં હાલનો આક્ષેપવાળો બનાવ બન્યો એટલે કે ગ્રામભારતી પર આરોપીને અટકાવી તેની તપાસ કરી તે સમયે હાલના સાહેદ હાજર હોવાનુ સ્પષ્ટપણે ફલિત થાય છે. હવે સાહેદની ઉલટતપાસ બચાવપક્ષે થયેલ છે.તેઓએ ઉલટતપાસમાં એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, ગ્રામભારતી ચાર રસ્તામાં એક રસ્તો પુર્વ તરફનો અલુવા તરફ થાય છે. પશ્ચિમ તરફનો રસ્તો લીંબોદરા તરફ, ઉત્તર તરફનો વિજાપુર તરફ અને દક્ષિણ તરફનો રસ્તો ગાંધીનગર તરફ આવેલ છે. બનાવ સમયે રોડની કઈ દિશા તરફ તેઓ ઉભા હતા તેના જવાબમાં જણાવેલ છે કે, પશ્ચિમ દિશાના દક્ષિણ ખુણા તરફ તેઓ ઉભેલા હતા. બનાવના દિવસે અન્ય



PRINCIPAL DISTRICT & SESSIONS COURT GANDHINAGAR सत्यमेव जयते

વાહનોના ચેકીંગ કરેલા તે સબંધે જરૂર જણાય તેવા વાહનોને મેમો આપેલો. કુલ કેટલા વાહનને મેમો આપેલ તે યાદ નહી હોવાનુ જણાવેલ છે. પી.એસ.આઈ શ્રીમાળી લીંબોદરા જવાના રોડ ઉપર ઉભા હતા.એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,આરોપીને સૌ પ્રથમ પી.એસ.આઈ. શ્રીમાળીએ અટકાવેલ અને પુછપરછની શરૂઆત શ્રીમાળીએ કરેલી. તેઓ રૂબરૂ આરોપીએ પોતાનું નામ જણાવેલ. ગ્રામ ભારતી પર આરોપીને પકડયા બાદ ત્યાં આશરે દશેક મીનીટ રોકાયેલા. સાહેદે એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,આધારકાર્ડ તથા ચુંટણીકાર્ડ તેઓએ જોયેલા નહી.સાહેદે એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી પાસેથી મળી આવેલ ચલણી નોટ બનાવટી છે તે પ્રથમ દૃષ્ટિએ જોઈને કહી શકે નહી. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, ૨૦૦૦/–,૫૦૦/– અને ૧૦૦/– ના દરની નોટની સાઈઝ એકસરખી હતી. એ હકિકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તમામ ચલણી નોટોના જે બંડલ મળેલા તે એકસરખા માપ,સાઈઝના હતા. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,નોટોની સીરીઝ કઈ હતી તે કહી શકે નહી. સાહેદે એ હકિકતનો પણ ઈન્કાર કરેલ છે કે, ચલણી નોટના બંડલને હાથ અડાડીને ગણેલા હોય તેવુ બનેલ નહી. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, પંચોને બોલાવવા કોને મોકલેલ તે કહી શકે નહી. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,પંચનામુ ગ્રામભારતી પર કરેલુ. આમ હાલના સાહેદની ઉલટ તપાસની હકિકત નજર સમક્ષ રાખતાં સાહેદની ઉલટતપાસમાં શંકા ઉભી કરવામાં બચાવપક્ષ સફળ રહેતા નથી. સાહેદની ઉલટતપાસમાં પણ આ સાહેદ બનાવવાળા સ્થળ પર હાજર હોવાનુ સ્પષ્ટપણે ફલિત થાય છે. હવે આરોપીના ચુંટણીકાર્ડ કે આધારકાર્ડ હાલના સાહેદે નહી જોયેલા હોવાનુ જે સ્વિકારેલ છે. પરંતુ જયારે બે સીનીયર અધિકારી એટલે કે પી.એસ.આઈ. અને પી.આઈ. હાજર

હોય અને તમામ કાર્યવાહી તેઓ કરતા હોય તેવા સંજોગોમાં હાલના સાહેદને આરોપીનુ ચુંટણીકાર્ડ અને આધારકાર્ડ જોવાનુ બનેલ ન હોય તે સ્વાભાવિકપણે માની શકાય.

૧૪) ફરીયાદપક્ષે આંક: ૬૪થી સાહેદ દિનેશકુમાર મહાદેવભાઈને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૯/૫/'૨૧ ના રોજ તે, તેમના પી.આઈ. જતીન પ્રજાપતિ, પી.એસ.આઈ. એચ.કે.શ્રીમાળી, એ.એસ.આઈ. મુકેશ અણદુસિંહ, પો.કો. નરેશભાઈ હરીભાઈ, મહેન્દ્રસિંહ દલપતસિંહ, બળવંતસિંહ, દિનેશ મુળજીભાઈ, કેતન પ્રતાપભાઈ, ચેતનસિંહ નટુજી વિગેરે ગ્રામભારતી પર બપોરના ૩:૦૦ વાગ્યાના રાત્રિના ૮:૦૦ વાગ્યા દરમ્યાન વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન સાંજના પોણા સાત વાગે એક બાઈક ચાલક આવતા તેને રોકીને પુછપરછ કરતાં પોતાનુ નામ સંતોષભાઈ કચરાભાઈ રહેવાસી : સહજાનંદ ફ્લેટ, એ–૩૦૨, ગાંધીનગર. મુળ રહેવાસી: ખડાતવાળાને પુછપરછ કરતાં અને તેના ખભે ભરાવેલ બેગને ચેક કરતાં તેમાંથી રૂા.૨૦૦૦/– ના દરની, ૫૦૦/– ના દરની તથા ૧૦૦/– ના દરની ચલણી નોટોના બંડલ મળેલા. જે કાઢીને જોતાં પ્રથમ દૃષ્ટિએ કોરી નોટો હોય, બારીકાઈથી જોતાં ડુપ્લીકેટ હોવાનુ જણાઈ આવેલ. જેથી તેમના સાહેબે નજીકમાંથી બે પંચોના માણસોને બોલાવી આરોપીની રૂબરૂમાં અંગજડતી કરતાં તેના લેધરના બેગમાંથી ચલણી નોટ, તેની અંગજડતી કરતાં પેન્ટના ખિસ્સામાંથી એક પાકિટ મળી આવેલ. જેમાં રૂા.૨૦૦/– ના દરની એક ચલણી નોટ મળી આવેલ અને તે નોટ જોતાં તે અસલ હોવાનુ જણાઈ આવેલ. ત્યારબાદ સાહેદે પંચો રૂબરૂ થેલામાંથી બંડલો કાઢી ચેક કરતાં અસલી નોટો કરતાં સાઈઝમાં નાની હોવાનુ, પ્રિન્ટ કલર અલગ હોવાનુ જણાતા પંચો રૂબરૂ તેમના સાહેદે પુછપરછ કરતાં આરોપીએ

ગાંધીનગરથી વિજાપુર કોઈને આપવા માટે જતા હોવાનુ જણાવેલ. કુલ ત્રીસ લાખની જુદી જુદી દરની ચલણી નોટ જેમાં ૨૦૦૦/–ની, ૫૦૦/– ની અને ૧૦૦/– ના દરની તેમ ૩૫૮૧ નોટ મળી આવેલ. સાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ સાહેબે સરકારી વાહન, પ્રાઈવેટ વાહનમાં આરોપી, પંચને રૂબરૂ પોલીસ સ્ટેશન લાવેલ. પોલીસ સ્ટેશન આવી નોટોનુ પરીક્ષણ કરાવવુ જરૂરી હોય એફ.એસ.એલ.અધિકારી, એસ.બી.આઈ.ના મેનેજરને બોલાવી લાવેલા. ત્યારબાદ સાહેબે ચેક કરતાં એફ.એસ.એલ.અધિકારી તથા બેંકના મેનેજરે નોટની ઝીણવટપુર્વક તપાસ કરેલી અને નોટને ઘસીને જોતાં તેનો કલર નીકળતો હોવાનુ જણાઈ આવેલ. આ બાબતે એફ.એસ.એલ.અધિકારી તથા બેંક મેનેજરે ખોટી નોટ હોવાનુ સર્ટીફિકેટ આપેલુ. સાહેદે વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત આરોપી પાસેથી જે નોટ મળી આવેલ તેના સીરીયલ નંબર ચેક કરતાં તમામ નોટ પર એકસરખા એક જ સીરીયલ નંબર લખાયેલા હતા. જેથી પી.આઈ.શ્રી એચ. કે. શ્રીમાળીએ ફરીયાદ આપેલી. સાહેદે મુદ્દામાલ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. તથા આરોપીને જોયે ઓળખી બતાવેલ છે. આમ હાલના સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષના કેસની હકિકતને સમર્થન મળે છે. હાલના સાહેદની ઉલટતપાસ બચાવપક્ષે થયેલ છે. સાહેદે ઉલટતપાસમાં એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, ગ્રામભારતી પાસે ચાર રસ્તા છે અને તેઓ વચ્ચે ચોકમાં ઉભેલા હતા. સાહેદે એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,વાહન ચેક કર્યુ તે સબંધે તેઓએ મેમો ઈસ્યુ કરેલ નથી. એ હકિકતની ખબર નહી હોવાનુ જણાવેલ છે કે, સાહેબે અન્ય કોઈ વ્યકિતને વાહન સબંધે મેમો આપેલ કે કેમ ? આરોપીને પી.આઈ.શ્રી શ્રીમાળીએ અટકાવેલ ત્યારે તેઓ નજીકમાં જ હતા. આરોપીને અટકાવ્યા બાદ અંદાજે ગ્રામભારતી ચોકડી પર કેટલો સમય રોકાવવાનો થયેલ

તે યાદ નહી હોવાનુ જણાવેલ છે. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,આરોપીને રોકયા બાદ આ ચાર રસ્તા પર તેનુ પંચનામુ કરેલુ. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,મુદ્દામાલ ચલણી નોટ કોર્ટમાં જોઈ તે તમામની લંબાઈ, પહોળાઈ, જાડાઈ એકસરખી હતી. કબજે લેવામાં આવેલ રૂા.૨૦૦૦/-ના ૫૦૦/- ના તથા ૧૦૦/- ના દરની જે નોટો કબજે લીધેલ તેના સીરીયલ નંબર શું લખેલા હતા તે યાદ નહી હોવાનુ જણાવેલ છે. રૂા.૨૦૦૦/-ની, ૫૦૦/- અને ૧૦૦/- ના દરની કેટલી નોટ હતી તે યાદ નહી હોવાનુ જણાવેલ છે. બાઈકનો નંબર શું હતો તે કહી શકો ? તેના જવાબમાં જણાવેલ છે કે, બાઈકનો નંબર જી.જે.૧.યુ.એન. ૩૭૮૭ હતો. પી.આઈ. જતીન પ્રજાપતિ બનાવ સમયે આ ગ્રામભારતી ચોકડી પર હાજર હોવાનુ ખોટુ જણાવતા હોવાનો ઈન્કાર કરેલ છે. આમ હાલના સાહેદની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં સાહેદની ઉલટતપાસમાં બચાવપક્ષ લેશમાત્ર શંકા ઉભી કરી શકેલ નથી. કારણ કે બનાવ વર્ષ ૨૦૨૧ માં બનેલો છે અને હાલના સાહેદે જુબાની તા.૧૫/૫/૨૦૨૪ ના રોજ આપેલ છે તે રીતે અંદાજે ત્રણેક વર્ષ બાદ સાહેદ જુબાની આપતા હોય તો તેવા કિસ્સામાં મળી આવેલ ચલણી નોટના સીરીયલ નંબર યાદ ન હોય તે સ્વાભાવિક માની શકાય. વધુમાં મળી આવેલ ચલણી નોટનો જથ્થો નજર સમક્ષ રાખતાં ત્રણ હજાર કરતાં વધારે નોટ મળી આવેલ છે અને તે રીતે આ ચલણી નોટના સીરીયલ નંબર યાદ ન હોય તે માની શકાય. પરંતુ સાહેદે તેમની ઉલટતપાસમાં બાઈકનો નંબર જી.જે.૧.યુ.એન.૩૭૮૭ જણાવેલ છે. જે હકિકત નજર સમક્ષ રાખતાં આરોપી પક્ષે પુછાયેલ પ્રશ્નના જવાબમાં જયારે સાહેદે બાઈકનો નંબર જણાવેલ છે અને મજકુર બાઈક પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ છે તે હકિકત નજર સમક્ષ રાખતાં

આરોપી ઉપરોકત બાઈક ઉપર ગ્રામભારતી ચોકડી પર આવેલાનુ સ્પષ્ટપણે ફલિત થાય છે.

**૧૫)** આમ ઉપરોકત પુરાવાની ચર્ચા કરી તે નજર સમક્ષ રાખતાં બનાવ સમયે ગ્રામ ભારતી ચોકડી પર હાજર તમામ પોલીસ અધિકારી, કર્મચારીઓએ ફરીયાદપક્ષના કેસની હકિકતને સમર્થનકારક પુરાવો આપેલ છે. તે સંજોગોમાં આરોપી વિરૂધ્ધનો આક્ષેપ નજર સમક્ષ રાખતાં આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી બનાવટી ચલણી નોટ મળી આવેલાનો ફરીયાદપક્ષનો કેસ છે અને આ બનાવટી ચલણી નોટ મળી આવ્યા બાદ ફરીયાદપક્ષ ધ્વારા આરોપીની અંગજડતી કરતાં આવેલ છે અને આરોપીએ જણાવેલ તેમના રહેઠાણના સરનામે પણ તપાસ કરતાં આરોપીના રહેઠાણના સરનામેથી પ્રિન્ટર વિગેરે મુદ્દામાલ મળી આવેલ છે. મજકુર હકિકત સબંધે ફરીયાદપક્ષે નીચે મુજબના સાહેદો તપાસેલ છે.

**૧૬)** ફરીયાદપક્ષ ધ્વારા આંક: ૬૫ થી સાહેદ રોનકકુમાર પંકજકુમાર શર્માને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદ તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને સેકટર–૧૧ ખાતે દુકાન નં.જી–૧૩ તથા જી–૧૫માં કોમ્પ્યુટરનો વ્યવસાય આવેલ છે.અને તેની દુકાનનુ નામ શાયોના સીસકોમ છે. સાહેદે વધુમાં જણાવેલ છેકે, તેઓએ એક ગ્રાહકને તા.૨૪/૪/'૨૧ ના રોજ એપ્સન કંપનીનુ તથા તા.૨૮/૪/'૨૧ ના રોજ બીજુ એક એચ.પી.કંપનીનુ પ્રિન્ટર વેચાણ કરેલુ. જે ગ્રાહક પ્રિન્ટર લેવા આવેલા તેમણે પોતાનુ નામ સંતોષભાઈ હોવાનુ જણાવેલ. સંતોષભાઈની સાથે એક મહીલા પણ દુકાને આવેલી. અને સંતોષભાઈએ એવુ જણાવેલ કે, તેઓને ફોટો સ્ટુડિયોના કામ માટે પ્રિન્ટર લેવુ છે જેથી સંતોષભાઈ ની જરૂરીયાત મુજબના સ્પેસિફિકેશન ધરાવતુ એપ્સન કંપનીનુ પ્રિન્ટર સજેસ્ટ કરેલુ. તેઓએ તેની દુકાનેથી રૂા.૧૨,૦૦૦/– ચુકવી આ પ્રિન્ટર ખરીદેલુ.

સાહેદે વધુમાં જણાવેલ છેકે, બીજુ એક એચ.પી.કંપનીનુ પ્રિન્ટર સંતોષભાઈ તેમને ત્યાંથી લઈ ગયેલા. તેનો સ્પેસિફિકેશન સંતોષભાઈને તા.૨૪/૪/'૨૧ ના રોજ આવ્યા ત્યારે જણાવેલ હતુ. સંતોષભાઈએ જણાવેલ સ્પેસિફિકેશન મુજબ તેમની પાસે હાજર સ્ટોકમાં આ પ્રિન્ટર ન હોય તે બાબતે તેમણે તેમના ડીસ્ટ્રીબ્યુટર ગોલ્ડલાઈન ભાવનગરને તેવા પ્રકારનુ પ્રિન્ટર છે કે કેમ ? તે બાબતે પુછતાં તેઓએ આવુ પ્રિન્ટર સ્ટોકમાં હોવાનુ જણાવેલ. જેથી સંતોષભાઈએ તે પ્રિન્ટર મંગાવવા રૂા.૧,૦૦૦/- થી ૧,૫૦૦/- એડવાન્સ આપી તે પ્રિન્ટર મંગાવી આપવા જણાવેલ અને તે પ્રિન્ટર તા.૨૬/૪/'૨૧ ના રોજ ગાંધીનગર તેમની પાસે આવી ગયેલ તેથી આ પ્રિન્ટર તેમની પાસે આવી ગયા બાબતની જાણ સંતોષભાઈને ફોન કરીને કરેલી. તેઓએ આ પ્રિન્ટર આશરે ઓગણીસ હજારથી વીસ હજારમાં ખરીદેલુ. આ સમયે તેઓએ પ્રિન્ટરનુ બીલ બનાવવાની ના પાડેલી અને એવુ જણાવેલ કે બીલ પછી લઈ જશે. ત્યારબાદ તેઓ અઠવાડીયામાં એક બે વખત તેમની દુકાનમાં આવી પ્રિન્ટરમાં વપરાતા ઈન્કની બોટલો લઈ જતા હતા. સરકારી વકિલશ્રીના કાગળોમાંથી તેઓએ ગોલ્ડલાઈન કોમ્પ્યુટર પ્રા.લિ.નો તથા સાયોના સીસકોમનુ બીલ જોઈ જણાવે છે કે તે બીલ પોલીસને આપેલા તે જ છે. આ બીલ આંક: ૬૬ અને ૬૭ થી સાહેદે રજુ કરેલા છે. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં હાલના સાહેદે આરોપી ને બે પ્રિન્ટર વેચેલાનુ સાહેદની જુબાની પરથી ફલિત થાય છે. હવે સાહેદની ઉલટ તપાસ બચાવપક્ષે થયેલ છે. તેઓએ ઉલટતપાસમાં એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,મેઘમલ્હાર કોમ્પ્લેક્ષમાં ઘણીબધી દુકાનો આવેલી છે. ત્યાં જુદા જુદા માણસો ખરીદી કરવા આવતા હોય છે અને તેમની દુકાને પણ ઘણા બધા લોકો ખરીદી કરવા આવતા હોય તેથી કઈ તારીખે કઈ

વ્યકિત તેમની દુકાનેથી શુ ખરીદી કરી ગયેલ તેવુ યાદ ન હોય. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,તેમની દુકાનેથી કોઈ વ્યકિત ખરીદી કરવા આવે અને તેનુ પેમેન્ટ કરે ત્યારે તેનુ પેમેન્ટ આપે છે. ઉધાર ખરીદી કરે તો ઉધારનુ બીલ પણ આપે છે. સાહેદે એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,આંક: ૬૬ અને ૬૭ વાળા બીલ પરથી એવુ કહી શકાય નહી કે તે આરોપીને વેચેલ પ્રિન્ટર સબંધેના બીલ છે. એ હકિકતનો સાહેદે ઈન્કાર કરેલ છે કે, આરોપી ખરીદી કરવા આવ્યા ત્યારે તેમના નામની ખબર ન હતી.એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,તેમણે તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે ગ્રાહક પ્રિન્ટર લેવા આવ્યા ત્યારે તેમનુ નામ સંતોષ હોવાનુ જણાવેલ. તથા એવુ પણ લખાવેલ નથી કે સંતોષભાઈએ તેમના સ્પેસિફિકેશન મુજબ પ્રિન્ટરની માંગણી કરેલ અને તેઓને એપ્સન કંપનીનુ સજેસ્ટ કરેલ અને એચ.પી.પ્રિન્ટરના સ્પેસિફિકેશન તા.૨૪/૪/'૨૧ ના રોજ જણાવેલ તેવુ પણ નિવેદનમાં લખાવેલ નથી. આમ મજકુર સાહેદની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં આરોપી નં.૧ નાએ ઉપરોકત પ્રિન્ટર હાલના સાહેદને ત્યાંથી ખરીદેલ હોવાની હકિકત શંકાસ્પદ બની રહે છે. તથા આંક: ૬૬ અને ૬૭ વાળા બીલની વિગતે આ પ્રિન્ટર ખરીદેલ હોય તેવી હકિકત પણ પ્રસ્થાપિત થતી નથી. વધુમાં આંક: ૬૬ તથા ૬૭ વાળા બીલ નજર સમક્ષ રાખતા મજકુર બીલ આરોપી ના નામે હોવાની હકિકત પણ ફલિત થતી નથી. તે રીતે મજકુર પ્રિન્ટર હાલના આરોપીએ ખરીદેલ હોવાનુ પ્રસ્થાપિત થતુ નથી.

**૧૭)** ફરીયાદપક્ષે આંક: ૬૮ થી સાહેદ ભરતભાઈ મેઘજીભાઈ ચૌધરીને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમનો ફ્લેટ સરગાસણ ખાતે સહજાનંદ સ્ટેટસ, ફ્લેટ નં.એ/૩૦૨ માં આવેલ છે. આ

ફલેટ તેઓએ સંતોષભાઈ કચરાભાઈ રાવળને વર્ષ '૨૧–૨૨ દરમ્યાન ભાડે આપેલ. સંતોષભાઈ તેમને કોઈ સ્ટેમ્પ લેવો હોય કે સોગંદનામુ કરાવવુ હોય તો તેમની ઓફીસે આવતા જતા હોય તેમની સાથે પચિચય થયેલો. આ સંતોષભાઈ તેમની ઓફિસે આવતા હતા ત્યારે તેમની સાથે એક મહીલા આવતા હતા. જેનુ નામ વૈશાલીબેન હતુ. અને તે પોતાના પત્ની હોવાનુ સંતોષભાઈ જણાવેલુ. તેઓએ જમીન લે વેચનુ કામ કરતા હોવાનુ જણાવેલ. તેઓને ફલેટ ભાડે આપ્યો તેનુ ભાડુ રૂા.૧૨,૫૦૦/– નકકી થયેલુ અને તેઓએ ચાર માસનુ એડવાન્સ ભાડુ આપેલુ. તે સમયે ભાડાકરાર બાબતેની વાતચીત થયેલી. પરંતુ સંતોષભાઈ ભાડા કરાર માટે વાયદા કરતા હતા અને કરાર કરવા માટે તેઓ ફોન કરતા ત્યારે ફોન રીસીવ કરતા નહી અને કોઈકવાર ફોન રીસીવ કરે તો અલગ અલગ વાયદા કરતા હતા. ત્યારબાદ સંતોષભાઈને મકાન ખાલી કરી દેવા જણાવેલ. સાહેદે વધુમાં જણાવેલ છેકે, ત્યારબાદ થોડા સમય પછી તેઓને સોશિયલ મીડીયા તથા સમાચારપત્રોના માધ્યમથી જાણવા મળેલ કે, આ સંતોષભાઈ નકલી નોટોના વેપાર કરતાં દેશદ્રોહના ગુનામાં પકડાયેલ છે અને તેઓને માણસા પોલીસે ગ્રામભારતી ચાર રસ્તા પાસેથી મજકુર ગુનામાં અટક કરેલ હોવાનુ માહીતી મળેલી. ત્યારબાદ તેઓએ તેમની સોસાયટીના પ્રમુખ મેહુલભાઈ ચૌધરી તથા ચોકીદારને જાણ કરેલી કે જયાં સુધી પોલીસ તપાસ પુરી ન થાય ત્યાં સુધી આ ફલેટ કોઈએ ખોલવો નહી. બનાવ બન્યા બાદ સંતોષભાઈના પત્ની વૈશાલીબેન ઘર બંધ કરી કયાંક ચાલ્યા ગયેલા. સંતોષભાઈ જયારે તેમની પત્ની સાથે કામકાજ માટે ઓફીસે આવતા ત્યારે તેમણે વૈશાલીબેન ચૌધરી જ્ઞાતિના હોવાનુ જણાવેલ અને તેમની પત્ની તરીકેની ઓળખ આપેલી. તે લોકોએ ફલેટ ભાડે લેતા પહેલાં તેઓનુ મકાન બાંધકામ ચાલુ હોય

તેમને બે ચાર મહીના માટે ફલેટ ભાડે લેવાનો છે તેવુ જણાવેલ. સાહેદે વધુમાં જણાવેલ છે કે, સરકારી વકિલશ્રીના કાગળોમાં ફલેટનુ જે લાઈટબીલ છે તે તેઓનુ છે. આ લાઈટબીલ આંક: ૬૯ થી રજુ કરેલ છે. આરોપીઓને જોચે ઓળખી બતાવેલ છે.આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની નજર સમક્ષ રાખતાં આરોપીએ જે સરનામુ દર્શાવેલ છે તે સરગાસણ, સહજાનંદ સ્ટેટસવાળો ફલેટ હાલના સાહેદે આરોપીને ભાડે આપેલાનુ સાહેદનુ કથન છે. પરંતુ સાહેદની સરતપાસ પરથી જ આ ફલેટ ભાડે આપ્યો તે સબંધે કોઈ ભાડા કરાર થયેલ નથી તેવુ સ્વિકારેલ છે. વધુમાં સાહેદની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં તેઓએ એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,ફલેટ ભાડે આપ્યા બાદ તેમાં કોણ કોણ રહે છે તેની કોઈ તપાસ કરેલી નહી. ફલેટ ભાડા આપ્યા બાદ આ સંતોષભાઈ કામ સબબ તેમની ઓફીસે આવતા હોવાનુ સ્વિકારેલ છે. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,તેમણે તેમનો ફોન નંબર કે સંતોષભાઈનો ફોન નંબર કે જેના પર ભાડા કરારની વાત કરેલ તે નંબર પોલીસમાં જણાવેલ નહી. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છેકે, ફલેટ ભાડે આપ્યો તે સમચે બેમાંથી કોઈપણ વ્યકિતનુ આઈ–પ્રુફ લીધેલુ નહી. મિલકત ભાડે આપે ત્યારે તેની જાણ પોલીસને કરવાની હોય તેવુ જાણતા હોવાનુ સ્વિકારેલ છે અને પોલીસમાં જાણ નહી કરેલાનુ પણ સ્વિકારેલ છે. આમ હાલના સાહેદની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં બચાવપક્ષ મજબુત શંકા ઉભી કરી શકે છે. કારણ કે, આંક: ૬૯ વાળુ લાઈટબીલ નજર સમક્ષ રાખતાં હાલના સાહેદ આ ફલેટના માલીક હોવાનુ ફલિત થાય છે. પરંતુ તે પરથી આ ફલેટ આરોપીને ભાડે આપેલ હોવાનુ લેશમાત્ર ફલિત થતુ નથી. તેરીતે આ ફલેટ આરોપીના કબજામાં હોવાનુ ફલીત થતુ નથી. વધુમાં ફલેટ ભાડે આપ્યા બાદ મકાન માલીક એટલેકે હાલના સાહેદ

કે જે વ્યવસાયે વકિલ છે અને તે રીતે કાયદાના તથા નિયમોના જાણકાર હોય તેવુ સ્પષ્ટપણે માનવાને કારણ રહેતુ હોય આમ છતાં ફલેટ ભાડે આપ્યાની જાણ સાહેદે પોલીસમાં કરેલ નથી તે હકિકતને નજર સમક્ષ રાખતાં હાલના સાહેદે આરોપીને તેનો ફલેટ ભાડે આપેલ હોવાની હકિકત શંકાસ્પદ બની રહે.

૧૮) ફરીયાદપક્ષે આંક: ૭૦ થી સાહેદ મેહુલકુમાર ઈશ્વરભાઈને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, વર્ષ ૨૦૨૧ માં તેઓ સહજાનંદ સ્ટેટસ, પ્રમુદનગર રોડ, સરગાસણ ખાતે આવેલ સોસાયટીમાં ચેરમેન હતા. આ સોસાયટીના ફલેટ નં.એ–૩૦૨ ના મુળ માલિક ભરતભાઈ ચૌધરી જેઓ વ્યવસાયે વકિલ છે તેઓ હતા. તેમનુ મકાન સંતોષકુમાર રાવળને ભાડે આપેલ. સંતોષકુમાર તેમના પરિવાર સાથે આ ફલેટમાં ભાડે રહેતા હતા. આ સંતોષભાઈ ભાડે રહેતા હતા તે બાબતે ફલેટના માલીક ભરતભાઈને ૩–૪ વાર મૌખિક ટકોર કરેલ કે તમે ભાડા કરાર જમા કરાવો અને ભરતભાઈએ એવુ કહેલ કે સંતોષભાઈ મળવા આવતા નથી અને ઝડપથી બને તેટલુ જલ્દી ભાડા કરાર કરાવી જમા કરાવીશ. આરોપીને કોર્ટ રૂબરૂ જોયે ઓળખી બતાવેલ છે. હાલના સાહેદની ઉલટતપાસ બચાવપક્ષે થયેલ છે. સાહેદે ઉલટતપાસમાં એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, ફલેટનુ મેન્ટેનન્સ દર મહીને લેવામાં આવતુ હતુ. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,મેન્ટેનન્સ ચુકવે તેની પાવતી આપવામાં આવતી હતી અને રજીસ્ટર પણ નિભાવવામાં આવતુ હતુ. મેનન્ટેનન્સની રકમ ફલેટના માલિક હોય તે ચુકવતા હતા. તેમની સોસાયટીમાં પ્રમુખની વરણી ઠરાવ કરીને કરવામાં આવેલી. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,પ્રમુખ તરીકે નિમવામાં આવેલ છે તે ઠરાવ પોલીસમાં રજુ કરેલ ન હતો કે કોઈ પુરાવા પોલીસમાં આપેલા નહી. ભરતભાઈ મેનન્ટેનન્સ ચુકવતા હોય

તેવો કોઈ પુરાવો પણ પોલીસમાં રજુ કરેલ નથી એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,ભરતભાઈના ફલેટમાં કેટલી વ્યકિતઓ રહેતી હતી તે કહી શકે નહી. આમ હાલના સાહેદની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં તથા ફલેટના માલિક ભરતભાઈની જુબાની નજર સમક્ષ રાખતાં મજકુર ભરતભાઈનો ફલેટ આરોપીને ભાડે આપેલાનુ લેશમાત્ર સાબિત થતુ નથી.

૧૯) ફરીયાદપક્ષે આંક: ૭૩ થી સાહેદ ઉત્કર્ષભાઈ મનહરસિંહ ગઢવીને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સરગાસણ પ્રમુખનગર કો.ઓ.હાઉસીંગ સોસાયટીમાં ઈ–૩૦૪ નંબરનો તેમની માલીકીનો ફલેટ ધરાવે છે. આ ફલેટમાં વર્ષ ૨૦૧૨ થી ૨૦૨૦ સુધી પરિવાર સાથે રહેતા હતા. ફલેટ ફેબ્રુઆરી–૨૦૨૦માં વૈશાલીબેનને ભાડેથી આપેલો અને વૈશાલીબેન આ ફલેટમાં તેમના દીકરા સાથે રહેતા હતા. ફલેટનુ માસિક ભાડુ રૂા.૧૫,૦૦૦/– ઠરાવેલ. વૈશાલીબેન જાતે તેમના ઘરે આવીને આપી જતા હતા. તેમની સાથે કોઈ ભાડા કરાર કરેલ નથી કે ફલેટ ભાડે આપ્યા બાબતેની જાણ પોલીસમાં કરેલ નથી. હાલના સાહેદની ઉલટતપાસ બચાવપક્ષે થયેલ છે. તેઓએ ઉલટતપાસમાં એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,સહજાનંદ ફલેટ અને પ્રમુખનગરવાળો વિસ્તાર સરગાસણમાં અલગ અલગ આવેલ છે. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,વૈશાલીબેનને ફલેટ ભાડે આપ્યો ત્યારથી ફલેટમાં તેઓ રહયા ત્યાં સુધી તેઓ કોઈવાર ત્યાં ગયેલા નહી. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,વૈશાલીબેન આ ફલેટમાં તેમના પુત્ર સાથે રહેતા હતા. આમ હાલના સાહેદની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં આરોપી નં.૨ હાલના સાહેદના માલીકીના ફલેટમાં ભાડે રહેતા હોવાનુ ફરીયાદપક્ષનો કેસ છે. પરંતુ સાહેદની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં તેઓએ પણ આ ફલેટ

ભાડે આપ્યા સબંધની કોઈ જાણ પોલીસમાં કરેલ નથી કે સાહેદની જુબાનીથી પણ આ ફલેટ તેઓએ આરોપીને ભાડે આપેલ હોય તેવી હકિકત લેશમાત્ર પ્રસ્થાપિત થતી નથી. વધુમાં આ ફલેટ એટલે કે આરોપી નં. ૨ પ્રમુખનગર કો.ઓ.હાઉસીંગ સોસાયટીમાં ભાડે રહેતા હોય તેવુ માનવામાં આવે તો પણ તેટલા માત્ર કારણથી મજકુર આરોપી નં. ૨ નાએ આરોપી નં.૧ ને ફેંક બનાવટી ચલણી નોટો બનાવવામાં મદદ કરી હોય તેવી હકિકત ફલિત થતી નથી તથા જે જગ્યાએ પ્રિન્ટર મળેલાનો એટલે કે સહજાનંદ સ્ટેટસમાંથી એટલે કે જેના માલિક ભરતભાઈ વેલજીભાઈ ચૌધરી છે તે ફ્લેટમાંથી પ્રિન્ટર મળેલા છે અને પ્રમુખનગર કો.ઓ.હાઉસીંગ સોસાયટી બંને અલગ અલગ વિસ્તારો, અલગ અલગ ફ્લેટ છે. તે હકિકત નજર સમક્ષ રાખતાં હાલના સાહેદની સોગંદ પરની જુબાનીથી આરોપીઓને ગુના સાથે સાંકળતો પુરાવો રેકર્ડ પર રજુ થતો હોવાનુ લેશમાત્ર ફલિત થતુ નથી.

૨૦) ફરીયાદપક્ષનો એવો કેસ છે કે, ગ્રામભારતી પર માણસા પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારી તથા કર્મચારીઓ વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન આ કામના આરોપી તેમના કબજાની મોટરસાયકલ નં.જી.જે.૧.યુ.એન.૩૭૮૭ પર આવતા તેમને રોકી તેમની તપાસ કરતાં તેમની પાસે એક થેલો હતો અને તે થેલામાં બનાવટી ચલણી નોટો કુલ રૂપિયા ત્રીસ લાખની જેમાં જુદા જુદા દરની રૂા.૨૦૦૦/-, રૂા.૫૦૦/- તથા રૂા.૧૦૦/-ના દરની હતી. તે તપાસ કરતાં પ્રથમ દૃષ્ટિએ બનાવટી હોવાનુ જણાયેલ. તેના સીરીયલ નંબર એક જ આવતા હતા તે રીતે તે બનાવટી હોવાનુ જણાતા આરોપીને મજકુર મુદ્દામાલ સાથે પોલીસ સ્ટેશન લઈ ગયેલા અને પોલીસ સ્ટેશનમાં એફ.એસ.એલ.અધિકારી તથા બેંકના જવાબદાર અધિકારીને બોલાવી તેની પાસે પરિક્ષણ કરાવતા બેંકના

અધિકારી તથા એફ.એસ.એલ. અધિકારી આ ચલણી નોટ જે મળી આવેલ છે તે બનાવટી હોવાનો અભિમપ્રાય આપતા હાલનો કેસ થયેલ છે. તે સંજોગોમાં આ કામના આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી ઉપરોકત બનાવટી ચલણી નોટ મળી આવેલ છે તેવો ફરીયાદપક્ષનો કેસ છે અને મજકુર હકિકતને ફરીયાદી તથા અન્ય પોલીસ સાહેદોએ સમર્થન કરેલ છે.તે સંજોગોમાં સાંયોગિક પુરાવો પણ મહત્વનો બની રહે છે અને તે માટે ફરીયાદપક્ષે નીચે મુજબના પંચસાહેદોને સોગંદ પર તપાસેલા છે.

**૨૧)** ફરીયાદપક્ષે આંક: ૨૫ થી પંચ નિકુલભાઈ મગનભાઈ પ્રજાપતિને સોગંદ પર તપાસેલા છે. મજકુર પંચે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,ગ્રામ ભારતી ચોકડી ખાતે તેમને બોલાવેલ તે સમયે તેમની સાથે તેમના મિત્ર કરણસિંહ પણ હાજર હતા અને એક બાઈક ચાલક જતો હતો તેને સાત આઠ પોલીસવાળા ઉભા હતા તેને તેઓએ પકડેલ. તેમની પાસે એક થેલો હતો તેની અંદર પૈસા હતા જે ડુપ્લીકેટ નોટો હતી અને તે બાબતના પંચનામામાં તેમની સહી લીધેલી. જે બેગમાંથી રૂ.૨૦૦૦/–ની, રૂ.૫૦૦/–ની તથા રૂ.૧૦૦/– ના દરની નોટો મળી આવેલી. આ નોટો ડુપ્લીકેટ હતી. જે નોટમાં વચ્ચે રેડ પટ્ટી આવે તેમાં રંગ બદલાતો ન હતો. તે ઉપરાંત તે વ્યકિતનુ એક હોન્ડા શાઈન કંપનીનુ બાઈક હતુ. સાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ સ્થળ ઉપર તે તથા તેમના મિત્ર, આરોપી અને પોલીસ એ રીતના બધા માણસા પોલીસ સ્ટેશન ખાતે ગયેલા. ત્યાં પોલીસે બેંકના મેનેજરને બોલાવેલ તથા એફ.એસ.એલ.અધિકારી ને બોલાવેલ. જે વ્યકિત આ થેલા સાથે પકડાયેલી તેની માણસા પોલીસ સ્ટેશન ખાતે તપાસ કરતાં તેની પાસેથી એક પાકિટ મળેલ. જેમાં તેના ડોકયુમેન્ટ– પાનકાર્ડ, ચુટણીકાર્ડ તથા આધારકાર્ડ મળી આવેલા. તથા એક મોબાઈલ ફોન

પણ મળી આવેલ. પોલીસે તેમની હાજરીમાં મજકુર આરોપીની પુછપરછ કરતાં તેણે એવુ જણાવેલ કે, આ નોટો લઈને તે વિજાપુર ખાતે જતો હતો અને પોલીસે તેને તમે કયાંથી આવ્યા છો તે બાબતે પુછતાં પોતે સરગાસણથી આવતો હોવાનુ જણાવેલ. સાહેદે વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત કાર્યવાહી સબંધે આંક: ૨૬ વાળુ પંચનામુ તેમની હાજરીમાં કરવામાં આવેલુ. સાહેદે મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ થી ૧૯ તેમની હાજરીમાં કબજે કરેલા હોય તે ઓળખી બતાવે છે. સાહેદે મુદ્દામાલ આર્ટીકલ નં.૨૧ કે જે થેલામાંથી આક્ષેપિત ચલણી નોટો મળી આવેલ છે તે થેલો તથા આરોપીના પાકિટમાંથી મળી આવેલ અસલ રૂા.૨૦૦/– ના દરની ચલણી નોટ પણ ઓળખી બતાવેલ છે. આરોપીનુ આધારકાર્ડ આરોપીનુ પાનકાર્ડ તથા ચુંટણીકાર્ડ અને મોબાઈલ ફોન પણ આ અદાલત સમક્ષ સાહેદે ઓળખી બતાવેલ છે તથા આરોપીને પણ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં સાહેદ આંક: ૨૬ વાળા પંચનામાની હકિકતને સંપુર્ણ સમર્થન કરે છે. તથા ફરીયાદપક્ષના કેસની હકિકત ને પણ સંપુર્ણ સમર્થન કરે છે.

**૨૧.૧)** હાલના સાહેદની ઉલટતપાસ બચાવપક્ષે થયેલ છે.તેઓએ ઉલટતપાસમાં એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, તેઓ માણસા મુકામે રહે છે અને તેની ચાની કીટલી પોલીસ સ્ટેશનની સામે આવેલી છે. ત્યાં પોલીસના માણસો ચા પીવા આવે છે અને પોલીસના માણસો ચા પીવા આવે તેથી તેઓ પોલીસને ઓળખે. સાહેદને એવો પ્રશ્ન પુછાયેલ છે કે, પંચમાં રહેવા માટે કોણ બોલાવવા આવેલ ? તેના જવાબમાં જણાવેલ છે કે, તેને કોઈ બોલાવવા આવેલ નહી પરંતુ તે ગાંધીનગરથી આવતા હતા ત્યારે ગ્રામ ભારતી ઉભા રહેલા. ગ્રામ ભારતી ઉપર અડધો પોણો કલાક રોકાયેલા. સાહેદે એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,

ગ્રામ ભારતી ચાર રસ્તા પણ અન્ય ચાની કીટલી તથા શાકભાજીવાળા હોય છે. ત્યાં પોલીસ અને બીજા માણસો ઉભા હોવાનુ પણ તેઓએ સ્વિકારેલ છે. અગાઉ એક બે વાર પંચનામામાં સહી કરેલાનુ તેઓએ સ્વિકારેલ છે. ગ્રામ ભારતી પાસે પોલીસવાળા કોણ કોણ હતા તેમનુ નામ ખબર નહી હોવાનુ જણાવેલ છે. તેઓ દિનેશભાઈ મહાદેવભાઈ, મુકેશસિંહ અણદુસિંહ, નરેશકુમાર હરીભાઈ, મહેન્દ્રસિંહ દલપુજી, બળવંતસિંહ મફતસિંહ વિગેરે પોલીસવાળાને ઓળખતા હોવાનુ જણાવેલ છે. સાહેદે એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,બનાવટી નોટો અસલ નોટથી લંબાઈમાં કે પહોળાઈમાં કેટલી નાની હતી તે કહી શકે નહી. ગ્રામ ભારતી ચાર રસ્તા પર નિષ્ણાંત વ્યકિતએ નોટોનુ પરીક્ષણ કરેલ હોય તેવુ બનેલ નહી. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, ગ્રામભારતી પછી પોલીસ સ્ટેશન પહોંચ્યા ત્યારે પંચનામુ લખાઈ ગયેલ હતુ તેમાં તેઓએ ફકત સહી કરેલી. તે વખતે પોલીસ સ્ટેશન ૩ થી ૪ કલાક રોકાયેલા. બનાવટી નોટો હાથમાં લઈને જોયેલી નહી. આરોપીનું બાઈક કયા નંબરનુ હતુ તે કહી શકે નહીં. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,નોટમાં કયા સીરીઝ નંબર હતા તે કહી શકે નહી. એ હકિકત પણ ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,નોટો કેટલા નંગની હતી તે ગણેલી નહી. એ હકિકત પણ ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,આરોપી આ નોટો લઈ વિજાપુર શું કામ જતો હતો તેવુ તેમની રૂબરૂમાં આરોપીએ જણાવેલ નહી. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,આરોપી સરગાસણ રહેતો હોય તેવો કોઈ પુરાવો તેમની હાજરીમાં મળેલ નહી. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, આરોપીના આધારકાર્ડ, ચુંટણીકાર્ડમાં તેનુ શું સરનામુ હતુ તે વાંચેલુ નહી. આ હાલના પંચસાહેદની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં બચાવપક્ષ લેશમાત્ર શંકા ઉભી કરી શકેલ નથી. કારણ કે ગ્રામભારતી પર હાલના સાહેદે સહી

કરેલ હોવાનુ જણાવેલ છે. સાહેદે અગાઉ બે કે ત્રણ પંચનામામાં સહી કરેલ હોવા માત્રથી કે સાહેદની ચાની કીટલી માણસા પોલીસ સ્ટેશન સામે આવેલ હોવા માત્રથી સાહેદનો પુરાવો વિશ્વસનીયતા ગુમાવતો હોય તેવુ માની શકાય નહી. કારણ કે ગ્રામભારતી ચોકડી ઉપર જે ઘટનાક્રમ બનેલ છે તે સાહેદે જણાવેલ છે. અને ત્યાંથી તેઓ, આરોપી, પોલીસ વિગેરે માણસા પોલીસ સ્ટેશન ગયેલા અને ત્યાં આગળની કાર્યવાહી થયેલી. અને એકસપર્ટ એટલે કે નિષ્ણાંત એફ. એસ.એલ.અધિકારી તથા બેંકના સાહેદને બોલાવેલાનુ સાહેદનુ કથન છે. ફરીયાદીની આંક: ૨૩ વાળી ફરીયાદ હકિકત વંચાણે લેતાં પણ આરોપી નકલી ચલણી નોટ સાથે મળી આવ્યા ત્યારબાદ તેનુ એફ.એસ.એલ.અધિકારી મારફતે પૃથ્થકરણ કરાવવા માટે આરોપી, મુદ્દામાલ, બાઈક વિગેરે સાથે પંચોને લઈને માણસા પોલીસ સ્ટેશને ગયેલા. તે રીતે મજકુર મળી આવેલ ચલણી નોટના પ્રાથમિક પૃથ્થકરણ માટે પોલીસ સ્ટેશન ગયાનુ અને મજકુર આંક: ૨૬ વાળા પંચનામાની કાર્યવાહી પૂર્ણ માણસા પોલીસ સ્ટેશન ખાતે કરેલાનુ સ્પષ્ટ પણે સાબિત થાય છે અને પંચસાહેદને બાઈકનો નંબર કે ચલણી નાંણાનો સીરીયલ નંબર યાદ નહી હોવા માત્રથી તેની સોગંદ પરની જુબાની વિશ્વસનીયતા ગુમાવતી હોવાનુ કહી શકાય નહી. કારણ કે મજકુર પંચસાહેદ કે જે પોતાની ચાની કીટલી ચલાવે છે તેને મળી આવેલ ત્રણ હજાર કરતાં વધારે નોટના સીરીયલ નંબર યાદ ન હોય તે સ્વાભાવિકપણે માની શકાય. આમ હાલના સાહેદની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં ગ્રામભારતી ઉપર હાલના આરોપી તેમના કબજાના થેલામાં બાઈક ઉપર બનાવટી ચલણી નોટ સાથે મળી આવેલાનુ સ્પષ્ટપણે સાબિત થાય છે. હાલના પંચસાહેદ કે જે સંપુર્ણ સ્વતંત્ર સાહેદ છે તેમની જુબાનીને નહી માનવાને કોઈ કારણ જણાતુ નથી.

૨૨) ફરીયાદપક્ષે આંક: ૩૦થી પંચ ભાનુપ્રસાદ કેશવલાલને સોગંદ પર તપાસેલા છે. મજકુર પંચે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, વર્ષ ૨૦૨૧ માં માણસા પોલીસ સ્ટેશન ખાતે તેમને બોલાવેલા. તેમની સાથે બીજા પંચ મનીષભાઈ હતા. જ્યાં માણસા પોલીસ સ્ટેશનમાં રાવળ સંતોષભાઈ હાજર હતા તથા નકલી ચલણી નોટ સંતોષભાઈ છાપતા હતા. તે બાબતનુ પંચનામુ હતુ. જે પંચનામામાં પંચ તરીકે રહેવા પોલીસે સમજ કરતાં પંચમાં રહેવા સ્વખુશી દર્શાવેલ. એ રીતનું પ્રથમ ભાગનુ પંચનામુ પોલીસ સ્ટેશનમાં કરેલ. સાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ આરોપીએ પંચોની હાજરીમાં ગાંધીનગર સરગાસણ ખાતે સહજાનંદ ફલેટ ૩૦૨ ખાતે લઈ જવાનું જણાવેલ. જેથી બંને પંચો, પોલીસવાળા તથા આરોપી એ રીતે એક સરકારી વાહનમાં બેસી આરોપીએ બતાવેલ રસ્તે પોલીસ સ્ટેશનથી માણસા જકાતનાકા થઈ રાંધેજા થઈ, સરગાસણ ખાતે ગયેલા. ત્યાં સહજાનંદ ફલેટમાં ૩૦૨ નંબરના ફલેટ ઉપર ગયેલા. ત્યાં આરોપીએ આ ફલેટ પોતાનો હોવાનુ જણાવેલ. ત્યાં એક બેન હાજર હતા તે આરોપીએ પોતાના પત્ની તરીકે ઓળખ આપેલી. ત્યારબાદ બેડરૂમમાં લઈ ગયેલ. ત્યાં નકલી નોટો છાપવાના પ્રિન્ટર મશીનો, કાગળ અને શાહી વિગેરે હતા જે વસ્તુઓ બતાવેલ. આ ઉપરાંત નોટો છાપી શકાય તેવી સાઈઝના કોરા કાગળના બંડલો હતા તથા કટર મશીન હતુ. આ ઉપરાંત તે બેડરૂમમાંથી એક થેલામાં નકલી નોટો મળી આવેલ જે પંચો રૂબરૂ કબજે લેવામાં આવેલી. આ સબંધેનુ પંચનામુ કરવામાં આવેલ. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની નજર સમક્ષ રાખતાં સાહેદ આંક: ૩૧ વાળા પંચનામાની હકિકતને સમર્થન કરે છે. વધુમાં સાહેદે મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૭ થી ૪૨ કે જે સીલબંધ મુદ્દામાલ હતો તે કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. જેમાં બે પ્રિન્ટર, પ્રિન્ટ કરવાની કાર્ટ્રિજ, પ્રિન્ટરની શાહી, કાગળનુ

રીમ, A4 સાઈઝના છુટા કાગળો, નાની કટર તથા બનાવટી ચલણી નોટ કે જેના દર ૧૦૦/–, ૨૦૦૦/– અને ૫૦૦/– તેમની હાજરીમાં કબજે કરેલા. આ તમામ મુદ્દામાલ સાહેદે ઓળખી બતાવેલ છે. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની વંચાણે લેતાં સાહેદના કથન મુજબ આરોપીએ બતાવ્યા સરનામે જઈ તે સહજાનંદ ફ્લેટ નં. ૩૦૨ માં ઉપરોકત મુદ્દામાલ મળી આવેલો અને આ ઘર આરોપીએ બતાવેલ તથા ત્યાં તેમના પત્ની હાજર હતા તેવી હકિકત જણાવેલ છે. હવે સાહેદની ઉલટતપાસ બચાવપક્ષે થયેલ છે. સાહેદે તેની ઉલટતપાસમાં એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,તે આ અગૌ પણ ઘણીવાર પંચ તરીકે હાજર રહેલ છે. એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે,તેને પંચમાં ફરી ગયેલ પંચસાહેદ તરીકે કોર્ટે ઘણીવાર જાહેર કરેલ છે. પોલીસવાળા સાથે સબંધો હોવાનો સાહેદે ઈન્કાર કરેલ છે. પંચનામા માટે કેટલો સમય રોકાયેલા તે યાદ નહી હોવાનુ જણાવેલ છે. આરોપી સંતોષભાઈને અગાઉ કયારેય મળેલા નહી કે ઓળખતા પણ નહી હોવાનુ જણાવેલ છે. તેઓ તેમની વાહન લઈ ચાની કીટલી પાસેથી નીકળેલા ત્યારે તેમને પંચમાં રહેવા કહેલુ.સાહેદે એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસ સ્ટેશનમાં ગયા તે પહેલા પોલીસે શેનુ પંચનામુ કરવાનુ છે તે બાબતની સમજણ કરેલી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે,પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે પોલીસે જણાવેલ કે, જાલી નોટોનુ પંચનામુ કરવાનુ છે. પોલીસે એવી સમજણ આપેલી નહી કે, બનાવટી નોટોનુ પંચનામુ કરવાનુ છે અને આરોપી જગ્યા બતાવવા માંગે છે. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, કયા દરની કેટલા નંગ બનાવટી નોટો હતી તે હાલ યાદ નથી અને સીરીઝ નંબર પણ હાલ યાદ નથી અને સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ૧૦૦,૫૦૦ અને ૨૦૦૦ ના દરની બનાવટી નોટો હતી. પોલીસે તેમની હાજરીમાં આરોપીને પુછેલુ હોય

અને આરોપી કંઈ જણાવતો હોય તે હાલ યાદ નથી. પંચનામામાં ફલેટમાં એક સ્ત્રી હતી તેનુ નામ સંગીતા લખાવેલ કે કેમ તે યાદ નહી હોવાનુ જણાવેલ છે. સાહેદે એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,પંચનામામાં એવુ લખાયેલ છે કે, આ મકાનમાં એક સ્ત્રી હાજર હોય જેનુ નામ પંચો રૂબરૂ પુછતાં પોતાનુ નામ સંગીતાબેન હોવાનુ અને તે આરોપીના પત્ની હોવાનુ જણાવેલ. આમ હાલના સાહેદની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં આક્ષેપિત સરગાસણ ખાતે ના સહજાનંદ ફ્લેટ નં. ૩૦૨ માં હાજર સ્ત્રીનુ નામ સંગીતાબેન હોવાનુ આંક: ૩૧ વાળા પંચનામામાં લખાયેલ હોવાનુ ફલિત થાય છે. વધુમાં ઉપરોકત ચર્ચા કરી તે પ્રમાણે મજકુર સહજાનંદ ફલેટ નં.૩૦૨ હાલના આરોપીએ ભાડે રાખેલાનુ આ ફ્લેટના માલિક ભરતભાઈ ચૌધરીની જુબાની પરથી પણ સાબિત થયેલ નથી. કારણ કે આ મકાનમાલિક સાથે આરોપીનો કોઈ ભાડા કરાર થયેલ હોય કે આ મકાન આરોપીને ભાડે આપ્યા સબંધેની જરૂરી જાહેરનામા મુજબની જાણ મજકુર મકાનમાલિકે પોલીસમાં કરેલ હોય તેવી કોઈ હકિકત પણ પ્રસ્થાપિત થતી નથી તે રીતે મજકુર ફ્લેટ આરોપીના કબજામાં હોવાનુ ફલીત થતુ નથી. તે સંજોગોમાં આ સહજદાનંદ ફ્લેટ તે આરોપીના બતાવ્યા પ્રમાણે પંચસાહેદની સાથે પોલીસવાળા જઈ અને આંક:૩૧ વાળુ પંચનામુ કરેલુ હોય તો પણ આ ફ્લેટ આરોપીએ ભાડે રાખેલાનુ કે તેમાં હાજર સંગીતાબેન કે જે આ કામે આરોપી નથી તેઓએ ઉપરોકત પ્રિન્ટર મશીનરી તથા કાગળો ચલણી બનાવટી નોટો છાપવા માટે એકત્રિત કરેલા હોય તેવી હકિકત વ્યાજબી શંકાથી પર સાબિત થતી નથી. કારણ કે આ ફ્લેટ આરોપીએ ભાડે રાખેલાનુ જયારે સાબિત થતુ ન હોય તે સંજોગોમાં આ ફ્લેટનો કબજો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આરોપીઓનો હોવાનુ સાબિત થતુ નથી.

૨૩) ફરીયાદપક્ષે આંક: ૫૩ થી યોગેશજી માધાથી ઠાકોર તથા આંક: ૫૫ થી લાલાજી મણાજી ઠાકોરને સોગંદ પર તપાસેલા છે.મજકુર બંને પંચસાહેદોએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે તૈયાર પંચનામાં સહી કરાવેલી. પંચનામાની કોઈ હકિકત જાણતા હોવાનો ઈન્કાર કરેલ છે. આમ મજકુર બંને પંચસાહેદો આંક: ૫૪ વાળા પંચનામાની હકિકતને લેશમાત્ર સમર્થન કરતા નથી. તે રીતે આંક: ૫૪ નુ પંચનામુ આરોપીના મુળ વતન ખડાત ગામે આવેલ તેના મકાનનુ પંચનામુ થયેલ છે પરંતુ મજકુર પંચનામાની હકિકતને હાલના સાહેદોની જુબાનીથી લેશમાત્ર સમર્થન મળેલ નથી.

૨૪) ફરીયાદપક્ષે આંક: ૭૫ થી સાહેદ ઘનશ્યામસિંહ રાજેન્દ્રસિંહ રાઓલને સોગંદ પર તપાસેલા છે. તેઓ તા.૨૯/૫/'૨૧ ના રાત્રિના ૮:૦૦ વાગ્યાથી તા.૩૦/૫/'૨૧ ના સવારે ૮:૦૦ વાગ્યા સુધી માણસા પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.ઓ. તરીકે ચાર્જમાં ફરજ પર હાજર હતા તે દરમ્યાન પી.આઈ. જતીન પ્રજાપતિનાઓ રૂબરૂ નોંધવામાં આવેલી ફરીયાદ સુચિપત્ર સાથે ગુનો દાખલ થવા માણસા પોલીસ સ્ટેશન ખાતે આવતા તેઓએ ગુના રજીસ્ટર નં. ૩૧૨/૨૦૨૧ થી સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૨/૨૧ થી રાત્રે ૧૨:૧૫ વાગે ગુનો નોંધી લીધેલો. આ સ્ટેશન ડાયરીના ઉતારાની સ્વયં પ્રમાણિત નકલ આંક: ૭૬ થી રજુ કરેલ છે તથા આ ગુનો દાખલ થયા બાદ આગળની તપાસ તેઓએ આંક: ૭૭ વાળા સુચિપત્રથી પી.આઈ.શ્રી પ્રજાપતિને સોંપેલી. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની નજર સમક્ષ રાખતાં આ જે ફરીયાદીએ આંક:૨૩ વાળી ફરીયાદ માણસા પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી પ્રજાપતિ રૂબરૂ જાહેર કરેલી તે ફરીયાદ હાલના સાહેદે માણસા પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નં.૩૧૨/૨૦૨૧ થી નોંધી લીધેલાનુ સ્પષ્ટપણે સાબિત થાય છે. તે રીતે ફરીયાદીની ફરીયાદ માણસા પોલીસ સ્ટેશન

માં ગુનો દાખલ થયાનુ ફલિત થાય છે અને તે સબંધેની તપાસ પી.આઈ. શ્રી જતીન પ્રજાપતિએ કરેલાનુ પણ ફલિત થાય છે.

**૨૫)** ફરીયાદપક્ષે આંક: ૭૮ થી સાહેદ પૃથ્વીરાજસિંહ જયેન્દ્રસિંહ ચુડાસમાએ સોગંદ પર જુબાની આપેલ છે. મજકુર સાહેદની જુબાની નજર સમક્ષ રાખતાં તેઓએ રેકર્ડ આધારીત જુબાની આપેલાનુ ફલિત થાય છે. તેઓના લેખિત કથન અનુસાર માણસા પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નં. ૩૧૨/૨૧ થી દાખલ થયેલ ફરીયાદ સબંધે તે સમયના પી.આઈ.શ્રી જતીન પ્રજાપતિ તેની તપાસ કરતા હતા. વર્ષ ૨૦૨૧ માં શ્રી એચ.કે.શ્રીમાળીનાઓએ શ્રી જતીન પ્રજાપતિ સમક્ષ આપેલી ફરીયાદ જે આંક: ૨૩ થી રજુ છે તે સબંધે તેઓએ તપાસ કરેલી અને ત્યારબાદ આ ફરીયાદ દાખલ થયા બાદ તેઓને આંક: ૭૭ વાળા સુચિપત્રથી તપાસ સોંપવામાં આવેલી. તપાસ દરમ્યાન પ્રજાપતિએ મુદ્દામાલ કબજે લીધાનો તથા આરોપી જે જગ્યાએ ભાડે રહેતા હતા તે ફલેટનુ પંચનામુ કરેલ. તે ફલેટમાંથી મુદ્દામાલ પ્રિન્ટર વિગેરે કબજે લીધેલા અને તપાસ દરમ્યાન તેઓએ લાગતા વળગતાં સાહેદોના નિવેદનો લીધેલા તથા આરોપી ખડાત ગામના વતની હતા તે જગ્યાનુ પણ પંચનામુ કરેલુ. સાહેદે વધુમાં જણાવેલ છે કે, તપાસ દરમ્યાન મુદ્દામાલ મળી આવતા તેના પ્રાથમિક પરીક્ષણ માટે સાયન્ટીફીક ઓફિસર શ્રી એસ.બી. ચાવડાને હાજર રખાવેલા. તેની યાદી આંક: ૭૯ થી રજુ થયેલ છે. તથા આ જે ચલણી નોટ મળી આવેલી તે બનાવટી હતી તે સંબંધે એસ.બી.આઈ. મેનેજર શ્રી પાસે પણ તેની તપાસ કરાવેલી. આ તપાસ અહેવાલ આંક: ૮૦ થી રજુ કરેલ છે. અને એસ.બી.આઈ.ના મેનેજરશ્રીએ આ ચલણી નોટ બનાવટી છે તે સબંધે તેમાં અસલ અને નકલીમાં શું તફાવત છે તે દર્શાવતો એક પ્રમાણપત્ર આપેલુ. આ પ્રમાણપત્ર આંક: ૮૦ થી રજુ છે. આ મુદ્દામાલ પરીક્ષણ માટે એફ.

એસ.એલ.તરફ મોકલી આપવા શ્રી પ્રજાપતિએ રવાનગી નોંધ તૈયાર કરેલ. તે એફ.એસ.એલ.માં મળી ગયા બદલ એફ.એસ.એલ.દ્વારા પહોંચ આપવામાં આવેલી. આ રવાનગી નોંધ આંક: ૮૧ થી રજુ કરેલ છે તથા પહોંચ આંક: ૮૨ થી રજુ કરેલ છે. મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ આંક: ૮૩ થી રજુ કરેલ છે. આરોપી સંતોષના મોબાઈલ કોલ ડીટેઈલ્સ આંક: ૮૪ થી રજુ કરેલ છે અને તપાસના અંતે શ્રી પ્રજાપતિએ ચાર્જશીટ કરેલુ. આમ હાલના સાહેદની સોગંદ પરની જુબાની નજર સમક્ષ રાખતાં પી.આઈ.શ્રી પ્રજાપતિએ કરેલ તપાસ સબંધે તેઓએ સોગંદ ઉપર જુબાની આપેલ છે પરંતુ હાલનો કેસ દસ્તાવેજી પુરાવા આધારિત છે અને ''રેસ ઈપ્સા લોકયુટર'' ના સિધ્ધાંત પ્રમાણે જયારે કોઈ દસ્તાવેજ પોતે જ કંઈ બોલતો હોય તો તે સબંધે વિશેષ સાબિતી આવશ્યકતા રહેતી નથી. આ કામે રજુ થયેલ આંક: ૮૦ વાળુ એસ.બી.આઈ.ના મેનેજરશ્રીનુ પ્રમાણપત્ર વંચાણે લેતાં મળી આવેલ ચલણી નોટ એક જ સીરીઝની હોવાનુ, અસલ ચલણી નોટ કરતાં તેની સાઈઝ નાની હોવાનુ, તેની પેપર કવોલીટી ઓછી ગુણવત્તાની હોવાનુ, તેમાં ઈન્ટીગ્લો પ્રિન્ટની હાજરી નહી હોવાનુ તથા બનાવટી ચલણી નોટ પૈકી અમુક નોટના સાઈડના ખુણામાં ભીનું કપડુ ઘસી જોતાં કલર જતો હોવાનુ, સિકયુરીટી થ્રેડની ગેરહાજરી એટલે કે માત્ર પ્રિન્ટ થયેલ દેખાતુ હોવાનુ પ્રમાણપત્ર તેઓએ આપેલ છે. મજકુર એસ.બી.આઈ.ના મેનેજરશ્રી કે જે સંપુર્ણ સ્વતંત્ર વ્યકિત છે અને તેઓએ પણ આ મળી આવેલ ચલણી નોટ બનાવટી હોવાનુ જયારે પ્રમાણપત્ર આપેલ હોય ત્યારે તેમના પ્રમાણપત્રને નહી માનવાને કોઈ કારણ નથી. વધુમાં આંક: ૭૯ થી સ્થળ પરીક્ષણ અહેવાલ એટલે કે પ્રાથમિક ચકાસણી અહેવાલ કે જે એફ.એસ.એલ.અધિકારી એસ.બી.ચાવડા દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. તેઓનો રીપોર્ટ વંચાણે લેતાં પણ રૂા.૧૦૦/–

ના દરની કુલ ૧૨૪૦ ચલણી નોટ હતી તેમાં 2FH 933383 સીરીયલ નંબર ધરાવતી કુલ ૨૮૭ નંગ નોટ , 2FH 933382 સીરીયલ નંબર ધરાવતી ૩૧૨ નંગ તથા 2FH 933393 સીરીયલ નંબર ધરાવતી ૩૪૮ નંગ નોટ 2FH 933398 સીરીયલ નંબર ધરાવતી ૨૯૩ નંગ નોટ હતી. તથા ૫૦૦ ના દરની કુલ ૧૨૦૪ ચલણી નોટ હતી તેમાં સીરીયલ નંબર જોતાં ODU 198390 સીરીયલ નંબર ધરાવતી ૧૪૮ IDB 932636 સીરીયલ નંબર ધરાવતી ૧૫૩ નંગ,IDB 932637 સીરીયલ નંબર ધરાવતી ૨૪૩ નંગ, 4BW 932304 સીરીયલ નંબર ધરાવતી ૧૦૩ નંગ ચલણી નોટ, 7QA 078023 સીરીયલ નંબર ધરાવતી ૧૩૩ નંગ તથા 3EH 502347 સીરીયલ નંબર ધરાવતી ૪૪ નંગ, 3EH 502348 સીરીયલ નંબર ધરાવતી ૭૧ નંગ ચલણી નોટ, 3EH 502349 સીરીયલ નંબર ધરાવતી ૧૫૭ નંગ, 8TT 706244 સીરીયલ નંબર ધરાવતી ૭૩ નોટ, તથા 8SS 539733 સીરીયલ નંબર ધરાવતી કુલ ૭૯ નંગ રૂ.૫૦૦/– ના દરની ચલણી નોટ તથા રૂ.૨૦૦૦/– ના દરની કુલ ૧૧૩૭ નંગ ચલણી નોટોમાં પાંચ અલગ અલગ સીરીઝ જોવા મળેલ. તેમાં 5CS 253014 સીરીયલ નંબર ધરાવતી ૨૪૬, 4AE 637701 સીરીયલ નંબર ધરાવતી ૨૭૬, 7EA 847705 સીરીયલ નંબર ધરાવતી ૨૮૭ નંગ, 6EP 752959 સીરીયલ નંબર ધરાવતી ૨૮૩ નંગ તથા 8FG 055799 સીરીયલ નંબર ધરાવતી પાંચ ચલણી નોટો મળી આવેલાનુ તેમના રીપોર્ટ પરથી ફલિત થાય છે. આમ મજકુર ચલણી નોટના સીરીઝ નંબર વંચાણે લેતાં એક જ નંબરની સીરીઝવાળી અનેક ચલણી નોટ મળી આવેલ છે. આ તમામ ચલણી નોટના કાગળ હલકી ગુણવત્તાના હોવાનુ, તેનો કલર છુટતો હોવાનુ, તેમાં સિકયુરીટી થ્રેડની હાજરી નહી હોવાનો રીપોર્ટ રજુ થયેલ છે અને તે રીતે મજકુર મળી આવેલ ચલણી નોટો બનાવટી હોવાનુ સ્પષ્ટપણે ફલિત થાય છે અને આ

તમામ ચલણી નોટ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલાનુ પણ સાબિત થાય છે. તથા આંક: ૮૩ વાળો એફ.એસ.એલ.નો પરીક્ષણ રીપોર્ટ નજર સમક્ષ રાખતાં પણ આ મળી આવેલ ચલણી નોટમાં સિકયુરીટી થ્રેડની ગેરહાજરી. આમ આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવેલ મુદ્દામાલ ચલણી નોટ બનાવટી હોવાનુ સ્પષ્ટપણે સાબિત થાય છે.

૨૬) ફરીયાદપક્ષે આંક: ૮૭ થી તપાસ કરનાર અમલદાર શ્રી જતીન અમરતલાલ પ્રજાપતિને સોગંદ પર તપાસેલા છે. મજકુર સાહેદે તેની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે,વર્ષ ૨૦૨૧ દરમ્યાન તેઓ માણસા પોલીસ સ્ટેશન ખાતે પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા અને તે દરમ્યાન તા.૨૯/૫/'૨૧ ના રોજ તેમના સ્ટાફના કર્મચારી તથા પી.એસ.આઈ. શ્રી સાથે ગ્રામભારતી વિસ્તારમાં વાહન ચેકીંગમાં હતા ત્યારે સાંજના સમયે એક વ્યકિત તેમના બાઈક ઉપર એક લેધરના બેગ સાથે આવતા તેને ચેક કરતાં તેના બેગમાંથી રૂ.૨૦૦૦/-, ૫૦૦/- તથા ૧૦૦/- ના દરની નકલી ચલણી નોટોના બંડલ મળી આવેલ. મજકુર ઈસમની પ્રાથમિક પુછપરછ કરતાં સંતોષકારક જવાબ આપેલ નહી અને પ્રથમ દૃષ્ટિએ આ નોટો જે મળી આવેલ તે અસલ જણાઈ આવતી ન હતી તેથી તાત્કાલીક એફ.એસ.એલ.ઓફિસર તથા એસ.બી.આઈ.માણસાના બેંક મેનેજર ને પોલીસ સ્ટેશન બોલાવવા માટે તજવીજ કરેલી. મજકુર સાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ ગ્રામભારતી સ્થળ ઉપર પંચોને બોલાવવામાં આવેલ. જેમાં એક નિકુલ પ્રજાપતિ અને બીજા કરણસિંહ મકવાણા હતા. જેમને બનાવથી વાકેફ કરેલા અને ત્યારબાદ પોલીસ સ્ટાફ, પંચો વિગેરેને લઈ સરકારી અને ખાનગી વાહનોમાં ગ્રામભારતીથી પોલીસ સ્ટેશન જવા રવાના થયેલા. બનાવવાળા સ્થળે સાંજનો સમય હતો. આરોપી પાસેથી ચલણી નોટ મળી આવેલ હતી તેથી

કાર્યવાહી સ્થળ પર થઈ શકે તેમ ન હોય આરોપી તથા મુદ્દામાલને લઈને પોલીસ સ્ટેશન ગયેલા. તે દરમ્યાન એફ.એસ.એલ.અધિકારી તથા બેંક ઓફિસર પણ પોલીસ સ્ટેશન આવી ગયેલ. એફ.એસ.એલ.અધિકારીએ પ્રાથમિક તપાસ કરતાં મળી આવેલ નોટનુ સ્થળ પરિક્ષણ કરેલુ અને તેમણે આપેલો અહેવાલ આંક: ૭૯ થી રજુ થયેલ છે તથા એસ.બી.આઈ.માણસાના બેંક મેનેજરે પણ તેઓનો ચકાસણી રીપોર્ટ રજુ કરેલ જે આંક: ૮૦ થી આ કામે રજુ થયેલ છે. જે મુદ્દામાલ મળી આવેલ તે સબંધે આંક: ૨૬ વાળુ પંચનામુ કરેલુ તથા આરોપી જે જગ્યાએ રહેતા હતા તે જગ્યા તેઓએ બતાવેલ અને ત્યાંથી પણ મુદ્દામાલ કબજે કરેલ. તે સબંધેનુ આંક: ૩૧ વાળુ પંચનામુ કરેલુ. પી.એસ.આઈ.શ્રી એચ.કે.શ્રીમાળી નાઓએ તેમના રૂબરૂ વિગતવારની ફરીયાદ લખાવતા તે ફરીયાદ લખી લીધેલી. આરોપીનુ વતન જે હતુ તે જગ્યાએ જઈ પંચનામુ કરેલુ. સાહેદે વધુમાં જણાવેલ છે કે, આ ફરીયાદ નોંધી લીધા બાદ તેને ગુનો દાખલ કરવા માટે સુચિપત્ર સાથે પી.એસ.ઓ. તરફ મોકલી આપેલ. આરોપી પાસેથી મળી આવેલ મુદ્દામાલ સબંધે આંક: ૮૧ અને ૮૩ વાળી મુદ્દામાલ રવાનગી નોંધ તૈયાર કરી એફ.એસ. એલ.માં પરીક્ષણ માટે મોકલી આપેલ અને એફ.એસ.એલ.માંથી તે મળ્યા બદલ ની પાવતી આવતા તેને તપાસના કાગળોમાં સામેલ રાખેલ. આરોપી નં. ૧ ના મોબાઈલ ફોનના સીડીઆર મેળવેલા. જે આ કામે આંક: ૮૪ થી રજુ કરેલ છે. સાહેદે વધુમાં એવુ જણાવેલ છે કે, તપાસ દરમ્યાન એવી હકિકત ખુલવા પામેલ કે આરોપી નં.૧ ની સાથે વૈશાલીબેન પટેલ પણ ગુનામાં સામેલ હતા. જેથી તેમની તપાસ કર્યા બાદ તેઓ મળી આવતા તેમની પણ અટક કરેલી.સાહેદોના નિવેદનો લીધેલા અને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા નામ. કોર્ટ માં ચાર્જશીટ કરેલ છે. આમ હાલના તપાસ કરનાર અમલદારશ્રીનો પુરાવો

વંચાણે લેતાં બનાવ સમયે તેઓ પણ ગ્રામ ભારતી ચાર રસ્તા પર રેડ સમયે હાજર હોવાનુ ફલિત થાય છે. વધુમાં હાલના તપાસ કરનાર અમલદારશ્રી ની ઉલટતપાસ બચાવપક્ષે થયેલ છે. તેઓએ ઉલટતપાસમાં એ હકિકતનો ઈન્કાર કરેલ છે કે, તા.૨૯/૫/'૨૧ ના રોજ આરોપી સંતોષકુમારને ગ્રામભારતી ચોકડી ઉપર પકડેલાનુ ખોટુ જણાવે છે. સાહેદને એવો પ્રશ્ન પુછાયેલ છે કે, આરોપી સંતોષકુમારને કયા કર્મચારીએ અટકાવેલ ? તેના જવાબમાં જણાવેલ છે કે, રેગ્યુલર વાહન ચેકીંગ હતુ તેથી તમામ વાહનોને ચેક કરતા હતા. તે પૈકી આરોપી નં.૧ નુ વાહન પણ ચેક કરવામાં આવેલુ. આમ મજકુર ઉલટતપાસના કથનો નજર સમક્ષ રાખતા મળેલી બાતમીના આધારે નહી પણ રેગ્યુલર વાહન ચેકીંગ દરમ્યાન આ કામના આરોપી બનાવટી ચલણી નોટ સાથે મળી આવેલાનું સ્પષ્ટપણે ફલિત થાય છે. વધુમાં સાહેદે એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, નિકુલભાઈ પ્રજાપતિ માણસા પોલીસ સ્ટેશન સામે ચાની કીટલી ધરાવે છે અને તે અવાર નવાર પોલીસ સ્ટેશનમાં ચા આપવા આવે તેથી તેમને ઓળખે છે. નિકુલભાઈને પંચમાં રહેવા કોણ બોલાવવા ગયેલ તે યાદ નહી હોવાનુ જણાવેલ છે. પરંતુ તેને માણસાથી બોલાવેલા હોવાનુ સ્વિકારેલ છે. સાહેદે એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, તપાસ શરૂ કરી તે પહેલા ફરીયાદ વાંચેલી. એ હકિકત પણ ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, આરોપી નં.૧ પાસેથી મળી આવેલ રૂા.૨૦૦૦/–, ૫૦૦/– તથા ૧૦૦/– ના દરની ચલણી નોટના બંડલમાં જે જુદા જુદા નંબરો લખેલા હતા તેનુ વર્ણન પંચનામામાં કરેલ છે. એ હકિકત પણ ખરી હોવાનુ સ્વિકારેલ છે કે, આ નોટોમાં નંબર જુદા જુદા જણાયેલ છે. એ હકિકત પણ ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,રૂા.૨૦૦૦/–, ૫૦૦/– અને ૧૦૦/– ના દરની ચલણી નોટની સાઈઝ અલગ અલગ છે. એ હકિકત પણ ખરી હોવાનુ

સ્વિકારેલ છે કે,પંચનામુ ગ્રામભારતી ચાર રસ્તા પર કરેલુ નહી. એ હકિકત યાદ નહી હોવાનુ જણાવેલ છે કે, ગ્રામભારતી ચોકડી જતાં ૫૦ ફુટ પહેલાં રચના સોસાયટી આવે છે કે કેમ ? એ હકિકત સ્વિકારેલ છે કે, ગ્રામભારતી ચોકડી પર સોસાયટીઓ, શોપિંગ સેન્ટર આવેલા છે અને ત્યાં બેંક આવેલ છે કે કેમ ? તે યાદ નહી હોવાનુ સાહેદે જણાવેલ છે. એ હકિકત સ્વિકારેલ છે કે,સાથેના પોલીસ સાહેદોની પેટ્રોલબુક ચાર્જશીટના કાગળમાં સામેલ કરેલ નથી. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,આરોપી નં. ૨ વૈશાલીબેનના ઘરેથી કોઈ ચલણી નોટો મળી આવેલી નહી. વૈશાલીબેન પ્રમુખનગર કો.ઓ.સોસાયટી, સરગાસણ ખાતે રહેતા હોવાનુ તપાસમાં ખુલેલુ. આરોપી સંતોષભાઈ સહજાનંદ સ્ટેટસ ફ્લેટ મુકામે રહેતા હોવાનુ તપાસમાં ખુલેલુ. પ્રમુખનગર અને સહજાનંદ સ્ટેટસ અલગ અલગ સોસાયટી અને ફ્લેટ હોવાનુ સ્વિકારેલ છે. એ હકિકત ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,આ બંને રહેઠાણના ભાડા કરાર તપાસના કામે કબજે લીધેલ નથી. એ હકિકત પણ ખરી હોવાનુ સ્વિકારેલ છે કે,આ બંને મકાનના માલિકે મકાન ભાડે આપવા સબંધે પોલીસને જાણ કરેલી નથી. એ હકિકત યાદ નહી હોવાનુ જણાવેલ છે કે,આ મકાનમાલિકો વિરૂધ્ધ જાહેરનામા ભંગ સબંધે કોઈ ફરીયાદ થયેલ કે કેમ ? આમ હાલના સાહેદની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં આ કામે હાલના સાહેદ, અન્ય પોલીસ અધિકારી અને કર્મચારીઓ સાથે ગ્રામભારતી ચોકડી પર હાજર નહી હોવાનુ લેશમાત્ર બચાવપક્ષ રેકર્ડ પર લાવી શકતા નથી. વધુમાં સાહેદની ઉલટતપાસની હકિકત નજર સમક્ષ રાખતાં પોલીસ કર્મચારીઓ ગ્રામભારતી ચોકડી પર હાજર હોવાનો કોઈ પુરાવો રજુ નહી કરેલાનો બચાવપક્ષનો બચાવ છે, પરંતુ મજકુર પોલીસ કર્મચારીઓએ તેમની સોગંદ પરની જુબાનીથી બનાવના દિવસે તેઓ ગ્રામભારતી

ચોકડી પર હાજર હોવાનો સ્પષ્ટ પુરાવો આપેલ છે. તે સંજોગોમાં બચાવપક્ષનો મજકુર બચાવ પણ ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતો નથી.

૨૭) આમ રેકર્ડ પરનો તમામ પુરાવો વંચાણે લીધો. તે નજર સમક્ષ રાખતાં આ કામે આરોપી નં.૧ સરગાસણ ખાતે રહેતા હોવાનુ સ્પષ્ટ પુરાવો રજુ થતો નથી કે વૈશાલીબેન પણ પ્રમુખનગર કો.ઓ.હાઉસીંગ સોસાયટીમાં ભાડેથી રહેતા હોય કે તેમના પાસેથી સરગાસણ ખાતેના ફલેટમાંથી કે પ્રમુખનગર સોસાયટીમાંથી કોઈ મુદ્દામાલ મળી આવેલાનુ ફલિત થતુ નથી. પરંતુ આંક: ૨૫ વાળા પંચ સાહેદ નિકુલભાઈ મગનભાઈ પ્રજાપતિનો પુરાવો તથા ફરીયાદીનો તથા ગ્રામભારતી ચોકડી પર હાજર પોલીસ સાહેદોનો પુરાવો નજર સમક્ષ રાખતાં બનાવના દિવસે ગ્રામભારતી ચોકડી પર જયારે રેગ્યુલર વાહન ચેકીંગ દરમ્યાન આરોપીને વાહન ચેકીંગ માટે અટકાવતા તેની પાસે રહેલા થેલામાંથી બનાવટી ચલણી નોટ મળી આવેલ હોવાનુ સ્પષ્ટપણે સાબિત થાય છે. વધુમાં તપાસ કરનાર અમલદારશ્રીનો પુરાવો નજર સમક્ષ રાખતાં ગ્રામભારતી ચોકડી જાહેર રસ્તો હોય તે સંજોગોમાં અને આરોપી પાસેથી મળી આવેલ મુદ્દામાલ નકલી ચલણી નોટની સંખ્યા નજર સમક્ષ રાખતા ખુબ મોટા પ્રમાણમાં જથ્થો મળી આવેલ હોય જેથી પંચનામાની કાર્યવાહી તથા તેના પ્રાથમિક પરીક્ષણની કાર્યવાહી માટે આવા જાહેર રસ્તા પર કામગીરી કરી શકવી મુશ્કેલ હોય તે સંજોગોમાં આરોપી તથા પંચો અને પોલીસ સ્ટાફના માણસો આ મુદ્દામાલ સાથે પોલીસ સ્ટેશન જઈ આગળની કાર્યવાહી કરેલ છે અને તે હકિકત નજર સમક્ષ રાખતાં આરોપીને જયારે પકડયા ત્યારે પંચોને પણ હાજર રખાવેલ છે અને પંચોની સાથે, મુદ્દામાલ સાથે આરોપીને પોલીસ સ્ટેશન લઈ ગયેલ છે તે સંજોગોમાં ગ્રામભારતી ચોકડીથી પોલીસ સ્ટેશન જતા સુધીમાં મુદ્દામાલમાં

કોઈ ભેળસેળ કરેલી હોય કે ઘટાડો વધારો કરેલ હોય તેવી પણ લેશમાત્ર હકિકત ફલિત થતી નથી તે સંજોગોમાં આરોપીને ગ્રામભારતી ચોકડી પાસે પકડયા બાદ પંચનામાની તથા પ્રાથમિક તપાસણી માટેની કાર્યવાહી પોલીસ સ્ટેશને કરેલી હોવા માત્રથી ફરીયાદપક્ષનો કેસ નબળો પડતો હોવાનુ લેશમાત્ર માની શકાય નહી. કારણ કે આરોપીને તા.૨૯/૫/૨૦૨૧ ના સાંજે ૬:૪૫ વાગે ગ્રામભારતી ચોકડી પાસે વાહન ચેકીંગ દરમ્યાન અટકાવેલ છે તે હકિકત નજર સમક્ષ રાખતાં સંધ્યાકાળ હોય અને તે સમયે પંચનામાની કે પ્રાથમિક પરિક્ષણની કાર્યવાહી આ જાહેર રસ્તા પર કરવી મુશ્કેલ હોય તે સંજોગોમાં પંચોની સાથે પંચોની હાજરીમાં આરોપી તથા મુદ્દામાલ પોલીસ સ્ટેશન લઈ જવાયેલ છે અને આ મળી આવેલ નકલી ચલણી નોટનો જથ્થો નજર સમક્ષ રાખતાં આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી ખુબ મોટા પ્રમાણમાં રૂા.૨૦૦૦/–ના, ૫૦૦/– ના તથા રૂા.૧૦૦/– ના દરની નકલી ચલણી નોટ મળી આવેલ છે. હવે આ કામે આરોપીએ એવો કોઈ જ ખુલાસો રજુ કરી શકેલ નથી કે આ નકલી ચલણી નોટ તેમના પાસે કઈ રીતે આવેલી છે અથવા તો આ જે થેલામાંથી મળી આવેલ છે તેમાં રહેલી નકલી ચલણી નોટ સબંધે તેઓ અજાણ હતા. તે સંજોગોમાં આરોપી ના પ્રત્યક્ષ કબજામાંથી મોટા પ્રમાણમાં નકલી ચલણી નોટ મળી આવેલાનુ ફરીયાદપક્ષ સાબિત કરવામાં સફળ રહેતા હોય આરોપી નં.૧ વિરૂધ્ધનો આક્ષેપવાળો ગુનો સાબિત થાય છે તે રીતે મુદા નંબર –૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. પરંતુ આરોપી નં.૧ કે ૨ આ નકલી ચલણી નોટને છાપવાનુ એટલે કે તેને પ્રિન્ટ કરવાનુ કામ કરતા હોય કે આ નકલી ચલણી નોટ તેઓએ બનાવેલ હોય તેવુ વ્યાજબી શંકાથી પર ફરીયાદપક્ષ સાબિત કરી શકતા નથી તે સંજોગોમાં મુદ્દા નંબર–૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે. આરોપી

નં.૧ વિરૂધ્ધ ભારતીય દંડસંહિતાની કલમ– ૪૮૯(ગ/સી) ને શિક્ષાને પાત્ર ગુનો સાબિત થતો હોય આરોપી નં.૧ ને કરવાની સજા સબંધે સાંભળવા મુલત્વી રાખવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૫ મી, માહે–ડીસેમ્બર, સને–૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૦૫/૧૨/૨૦૨૪
ગાંધીનગર.

( **સુશ્રી હિતા આઈ. ભટ્ટ** )
મુખ્ય સેશન્સ જજ , **ગાંધીનગર.**
(કોડ નંબર–જીજે ૦૦૪૬૪)

PRINCIPAL DISTRICT & SESSIONS COURT
सत्यमेव जयते
GANDHINAGAR

Principal District Judge,
Gandhinagar.

## <u>સજા બાબતે સાંભળ્યા બાદનો વધુ હુકમ</u>

૨૮) સજાના મુદ્દે વિદ્વાન આસી. પબ્લિક પ્રોસીક્યુટરશ્રી શ્રી જોષીએ પોતાની રજુઆતમાં ભારપૂર્વક જણાવેલ છે કે, પ્રોસીકયુશને આ કામના આરોપી નં. ૧ સામે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે. જેથી આ કામના આરોપી નં.૧ ને સમાજમાં દાખલો બેસે તે રીતે કાયદામાં જણાવ્યા મુજબની સખતમાં સખત સજા તથા દંડ ફરમાવવા રજુઆત કરેલ છે.

૨૯) ઉપરોક્ત રજૂઆત સામે આરોપીના વિ.વ.શ્રી એ.બી.રાઓલનાઓએ રજુઆત કરતા જણાવેલ છે કે, આ કામના આરોપી નાની વયના છે અને તેમના ઉપર સમગ્ર પરિવારના ભરણપોષણની જવાબદારી છે. કોઈ ગુનાહિત ભૂતકાળ ધરાવતા નથી અને તેથી આરોપી સામે રહેમ નજર રાખી, ઓછામાં ઓછી સજા તથા દંડ ફરમાવવા તથા આરોપીએ ભોગવેલ સજા મજરે આપવા વિનંતી કરેલ છે.

૩૦) બંને પક્ષે થયેલ રજુઆતો ધ્યાને લેવામાં આવેલ છે. આ કામના આરોપી નં. ૧ સંતોષકુમાર ઉર્ફે સંજય ઉર્ફે જયભોલે સન ઓફ કચરાભાઈ મુળજીભાઈ રાવળ નાએ પોતાના પ્રત્યક્ષ કબજામાં ફેક બનાવટી રૂા.૨,૦૦૦/–, રૂા.૫૦૦/– તથા રૂા.૧૦૦/– ના દરની કુલ ૩૫૮૧ નંગ ચલણી નોટો ધારણ કરી આ ડુપ્લીકેટ ચલણી નોટો સાથે પકડાઈ જઈ અને તે ચલણી નોટો ઉપરના સીરીઝ નંબર એકસરખા હોવાનુ પ્રથમ દૃષ્ટિએ જ તે બનાવટી ચલણી નોટ હોવાનુ જાણતા હોવા છતાં દેશના અર્થતંત્રને વિપરીત અસર ઉભી થાય તેવા પ્રયત્નોમાં પોતાને સંડોવી બનાવટી ચલણી નોટો પોતાના કબજામાં રાખેલાનું ફરીયાદપક્ષ તમામ વ્યાજબી શંકાથી પર સાબિત કરી શકેલ છે. તે સંજોગોમાં આ કામના

આરોપીએ ખૂબ જ ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે. આરોપીના કૃત્યથી સમગ્ર દેશના અર્થતંત્રને વિપરીત અસર ઉભી થવાની સંપુર્ણ શકયતા રહેલી છે. તે સંજોગોમાં આરોપી વિરૂધ્ધનો ગુન્હો હળવાશથી લેવા પાત્ર જણાતો નથી. તે સંજોગોમાં આ કામના આરોપીએ આચરેલ ગુનાહિત કૃત્યની ગંભીરતા તથા સમગ્ર રાષ્ટ્રના અર્થતંત્ર ઉપર પડતી તેની અસર ધ્યાનમાં રાખતાં આ કામના આરોપી નં.૧ ને ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૮૯(ગ/સી) ને શિક્ષાને પાત્ર ગુના અંગેની જોગવાઈ નજર સમક્ષ રાખતાં આરોપી નં.૧ ને તેમની સામેના આક્ષેપિત ગુનામાં કાયદાની જોગવાઈ અનુસાર નીચે મુજબની સજા ફરમાવવા અંગેનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

૧. આ કામના **આરોપી નં. ૧** સંતોષકુમાર ઉર્ફે સંજય ઉર્ફે જયભોલે સ/ઓ કચરાભાઈ મુળજીભાઈ રાવળ, ઉ.વ. ૪૦, હાલ રહે. સરગાસણ, સહજાનંદ સ્ટેટસ ફ્લેટ, બ્લોક નં. એ/૩૦૨, ગાંધીનગર. મુળ રહેવાસી : ખડાત ગામ, પંચાલપુરા,તા.માણસા, જિ.ગાંધીનગર વાળાને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ: ૨૩૫(૨) અન્વયે ગાંધીનગર માણસા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર– 1121600 9210312/ 2021, ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૮૯(ગ/સી) ને શિક્ષાને પાત્ર ગુન્હા સબંધે તકસીરવાર ઠેરવી ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૮૯(ગ/સી) ને શિક્ષાને પાત્રને ગુન્હા સબબ ૭ (સાત) વર્ષની સાદી કેદની સજા તથા રૂ.૨૫,૦૦૦/– અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા દંડ, દંડ ન ભરે તો વધુ ૬ (છ) માસની સાદી કેદની સજા કરવા હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આ કામના **આરોપી નં. ૧** સંતોષકુમાર ઉર્ફે સંજય ઉર્ફે જયભોલે સ/ઓ કચરાભાઈ મુળજીભાઈ રાવળને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ: ૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૮૯(ક/એ) (ખ/બી) (ઘ/ડી) સાથે સાથે વાંચતા ૧૧૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠેરવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના **આરોપી નં. ૨** વૈશાલીબેન ડો/ઓ રઘજીભાઈ દેવજીભાઈ પટેલ (ચૌધરી),ઉ.વ. ૩૭, હાલ રહે. સરગાસણ, પ્રમુખનગર, ઈ–૩૦૪, સરગાસણ ચોકડી પાસે, ગાંધીનગર. રહે. મોટા કોટડા, પટેલ ફળીયુ,તા.ઈડર, જી.સાબરકાંઠા વાળાને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ: ૨૩૫(૧) અન્વયે ગાંધીનગર માણસા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર– 1121600 9210312 / 2021, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૮૯(ક/એ) (ખ/બી) (ગ/સી) (ઘ/ડી) સાથે વાંચતા ૧૧૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠેરવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૪. સી આર.પી.સી.ની કલમ–૪૨૮ અન્વયે આ કામના આરોપી નં.૧ નાએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા તેમને (સેટ–ઓફ) મજરે આપવા હુકમ કરવામાં આવે છે.

૫. આરોપી નંબર–૨ ના અગાઉના જામીનખત તથા જાત મચુરકા રદ કરવા. આ કામના આરોપી નં. ૨ નાઓએ સી આર. પી.સી.ની કલમ– ૪૩૭(એ) અન્વયે ઉપલી અદાલત સમક્ષ અપીલ થાય તો તે સંજોગોમાં હાજર રહેવા સંબંધે રૂા.૧૦,૦૦૦–૦૦ (અંકે રૂપિયા દસ હજાર પૂરા)ના સદ્ધર જામીન રજુ કરવા તેમજ પોતાનુ કાયમી સરનામુ અને મોબાઈલ નંબર પુરસીસથી જાહેર કરવો.

Principal District Judge,
Gandhinagar.

૬. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ આર્ટીકલ નં. ૪૦, ૪૧ તથા ૪૨ વાળી ચલણી નોટ રૂા.૨૦૦૦/– ના દરની આઠ નંગ ચલણી નોટ, રૂા.૫૦૦/– ના દરની આઠ નંગ અસલી ચલણી નોટ તથા રૂા.૧૦૦/– ના દરની આઠ નંગ અસલી ચલણી અપીલ સમય બાદ સરકાર ખાતે ખાલસા લેવી. મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૬ એક વીવો કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન, મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૭ એપ્શન કંપનીનુ પ્રિન્ટર, મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૮ એચ.પી. કંપનીનુ પ્રિન્ટર, મુદ્દામાલ આર્ટીકલ નં. ૨૮ એચ.પી.કંપનીની કાર્ટીઝની માલીકી પુરવાર થયેલી ના હોય ત્રણેય મુદ્દામાલની અપીલ સમય બાદ જાહેર હરાજી કરી ઉપજતાં નાંણા સરકાર ખાતે ખાલસા લેવા. આ સિવાય બાકીના તમામ બીનકિંમતી મુદામાલ આર્ટીકલ્સનો અપીલ સમય વિત્યા બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈઓ અનુસારી નાશ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

૭. સી. આર.પી.સી.ની કલમ–૩૬૩ અન્વયે આ ચુકાદાની એક નકલ આ કામના આરોપીને વિના મુલ્યે આપવી.

૮. ઉપરોકત હુકમ મુજબ આ કામના આરોપી નં.૧ નુ કન્વીકશન ફોર્મ તથા સજા ચીઠ્ઠી ભરીને મધ્યસ્થ જેલ, સાબરમતીના જેલરશ્રીને સજાના અમલ માટે મોકલી આપવાનો હુકમ ફરમાવુ છું.

હુકમ આજરોજ તા. ૦૫મી, માહે–ડીસેમ્બર, સને–૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહિ કરી જાહેર કર્યો.

તારીખ : ૦૫/૧૨/૨૦૨૪
ગાંધીનગર.

***( સુશ્રી હિતા આઈ. ભટ્ટ )***
***મુખ્ય સેશન્સ જજ, ગાંધીનગર.***
***(કોડ નંબર–જીજે૦ ૦૪૬૪)***

/KJP/

Principal District Judge,
Gandhinagar.